કુમાર

અંક ૬


ઉગતી પ્રજાનું માસિક

તંત્રી

રવિશંકર રાવળ

વર્ષ ૧ :: અંક ૬

જેઠ
૧૯૮૦



ફોટોઃ જનાર્દન અમદાવાદ

લવાજમ

વરસના રૂા. ૬ :: છ માસના રૂા. ૩

પરદેશના રૂા. ૭

છુટક નકલના દસ આના

કુમાર કાર્યાલય

૪૪૮૦, રાયપુરઃ અમદાવાદ

નવા વાંચનારને

'કુમાર'નો આ અંક ગમ્યો હોય, અને તેને એમ લાગતું હોય કે પોતાના જ ખરનું, જેવું જોઈતું હતું તેવું મનપસંદ માસિક એ છે; તો અમારી ભલામણ છે કે તેણે બનતી તાકીદે 'કુમાર'ના ઘરાક થઈ જવું.

કારણકે

એની માગણી વધતી જવાથી પાછલા અંકો પછી નહિ મળે. **પહેલો અંક તો ખલાસ થયો છે; અને નવા ઘરાકો બીજા અંકથી જ નોંધવામાં આવે છે.** એટલે 'કુમાર'ને માટે આતુરતા ધરાવનારા નવા વાંચનારાઓએ જેમ બને તેમ વહેલા ઘરાક થઇ જવું. થોડા વખત પછી બીજો અંક પણ નહિ મળે.

'કુમાર'ના ઘરાકો અને અત્યાર સુધીના નિયમિત વાંચનારાઓએ જોયું હશે કે

'કુમાર'માં નવા ફેરફારો

દર મહીને કંઇ ને કંઇ થયા જ કર્યા છે; મહીને મહીને એકેક નવી બાબત ઉમેરાતી જાય છે. બીજી નવી અને અજબ વાર્તાઓ, કથાઓ, સંવાદો ને ટુચકાઓની સંખ્યા હજી વધવાની છે: સાહસ અને પરાક્રમની વાતો, ઇતિહાસના અવનવા પ્રસંગો, બહારવટીઆઓની કહાણીઓ ને પુરાણની કથાઓ, તોફાન–મસ્તીની વાર્તાઓ ને રમુજી ટુચકાઓ હજી ઉમેરાતાં જવાનાં છે; રજાને દિવસે ઘેર બેઠાં અજમાવી શકાય તેવા જુદાજુદા હુન્નરો, હાથ-કારીગીરીઓ અને નુસખાઓ પણ હજી હવે આવવાના છે. દુનીઆના દેશદેશના માણસો અને એમના રીતરીવાજો, પશુપક્ષીઓ ને વસ્તુઓની વાતો તો હજી આવવી બાકી છે; અને વિજ્ઞાનની અજાયબીઓ વિષેના લેખોની તો હજી પુરી શરૂઆત પણ ક્યાં થઈ છે?

હજી તો 'પાશેરામાં પહેલી પુણી' છે. 'કુમાર'ને હોંશ છે કે એ તમારો હમેશનો સાચો સાથી બની રહે: તમારા અભ્યાસમાં કે રમતમાં, ઘરમાં કે બહાર, એકલા કે મિત્રોમાં,—દરેક ઠેકાણે ને દરેક વખતે તમારો ખરો મદદગાર મિત્ર બની રહે.

તમે પણ, એક વરસના રૂપીઆ છ; અને તેટલા ન ભરી શકો તેમ હો તો છ મહીના માટે ત્રણ રૂપીઆ ભરીને આજથી જ એના મિત્ર બની જાઓ ને.

પુસ્તક પહેલું
અંક : ૬


કુમાર

સંવત ૧૯૮૦
જેઠ

ઉગતી પ્રજાનું માસિક
તંત્રી : રવિશંકર રાવળ
કુમાર કાર્યાલય : ૪૪૮૦, રાયપુર : અમદાવાદ

બહારગામના એજન્ટો

નવજીવન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨.
વર્ધમાન ઍન્ડ સન્સ, ૧, પાયધુની, મુંબાઈ–૩.
કરાંચી બુકસ્ટૉલ, નેપીઅર રોડ, કરાંચી.



કુમાર: અંક છઠ્ઠો
પાનું ૨૩૨
ચિત્રકાર: રવિશંકર રાવળ

પરમાર્થી રાજા
રન્તિદેવ



પ્રાર્થના

: રાગ પ્રભાત :

ગગનના ગોળમાં, રંગના રોળમાં
બેસતી રોજ તારી કચેરી;
સ્થાનની શોધમાં ભાનસુનો ભમું
ભુલભુલામણી એ નમેરી.

પૃથ્વીની કુંજમાં, પ્રાણના પુંજમાં
તારી લીલા ધરે તેજછાયા;
પુછતો ત્યાં જઈ માર્ગ હું માહરો,
કો ન સંદેશ દે, દેવરાયા !

સાત પાતાળના બોલ બોલાવવા
જોરથી જેમ હું સાદ પાડું;
કાન પર કારમા માત્ર પડઘા પડે,
જીંદગી, તાતજી ! કેમ કાઢું ?

આભભર એહવે દિવ્ય ધીરે રવે
તાહરા લોલકલ્લોલ કુંજે;
સાંભળું શબ્દ : 'ઓ વત્સ ઉતાવળા !
છો તહીં જો, અને સૌ જ સુઝે.'





કોઈ પણ કામ એકવાર હસતે મોઢે શરૂ કર્યા
પછી બહાનાં કાઢીને તે અધુરૂં મુકતા નહિ.

પરીક્ષાઓ, સ્કૉલરશીપો અને ઇનામો મુળે ખરાબ નહિ હોય; પણ અત્યારે તો એ જે રીતે લેવાય દેવાય છે, તેમાંથી ઘણાં જ ખરાબ પરિણામ આવે છે.

પરીક્ષા આપણા અમુક વખતના અભ્યાસની કસોટી કે માપ કાઢવાનું સાધન મનાય છે. એ કદાચ ખરૂં હોય; પણ તેમાં પાસ થવાને વિદ્યાર્થી જે કૃત્રિમ મહેનત, મગજમારી ને ગોખણપટ્ટી કરી મરે છે તે જોતાં ખરો અભ્યાસ બાજુએ રહી જાય છે અને પરીક્ષા જ મોં સામે ભયંકર રૂપે દેખાય છે. અત્યારના સંજોગો અને હકીકતો ચોકખું પુરવાર કરે છે કે પરીક્ષાએ ઉગતી પ્રજાનો વિકાસ અટકાવ્યો છે; તેના પ્રાણને ગુંગળાવી માર્યો છે. એ પરીક્ષાની બીકે વિદ્યાર્થીઓ થરથર કંપે છે; એ પરીક્ષાને માટે તેઓ ચોરી કરી કે લાંચ આપી પોતાનાં ચારિત્ર્ય ડુબાવે છે.

આ કંગાલ અને દુઃખી સ્થિતિ દૂર કરવાના બીજા ઉપાયો તો યોજાય ત્યારે ખરા; પણ એક ઉપાય તો તમારા પોતાના જ હાથમાં છે. તમે પરીક્ષાની બીક છોડી દો. સમજો કે એ કોઈ ભયંકર રાક્ષસી નથી, પણ દુનીઆના વહેવારની એક સામાન્ય યોજના છે. પરીક્ષાનું પાસ સર્ટીફિકેટ નહિ મળે તો નોકરી વિના ભુખે ટળવળશું એવા નમાલા વિચાર કરી શાને ડરી મરો છો? પરીક્ષા જેવી નાચીઝ વસ્તુને સારૂ તમારા અણમુલ ચારિત્ર્ય પર શાને કલંકના કાલસા ભુંસો છો?

મુંબાઇ યુનીવર્સીટીએ લીધેલી છેલ્લી મૅટ્રિકની પરીક્ષામાં 'રસ્ટિકેટ' કરવામાં આવેલા વિદ્યાર્થીઓ સંબંધીનો રીપોર્ટ કહે છે કે એક વિદ્યાર્થીને, પોતાના જવાબપત્ર સાથે દસ રૂપીઆની નોટ બાંધી પરીક્ષકને લાંચ આપવાનો યત્ન કરવા માટે ત્રણ વર્ષ સુધી કોઇ પણ યુનીવર્સીટીની પરીક્ષામાંથી રદ કરવામાં આવ્યો છે. તે સિવાય ચાર વિદ્યાર્થીઓને ચાલતી પરીક્ષાએ વાત કરવા માટે, આઠ વિદ્યાર્થીઓને, પોતે ફૉર્મમાં ન ભરેલા વિષયોમાં બેસીને પરીક્ષા આપવાની છેતરપીંડી કરવા માટે, અને ઓગણીસ વિદ્યાર્થીઓને બ્લૉટિંગપેપર કે સવાલપત્ર પર લખવા માટે, એક વરસ સુધી મૅટ્રિકની પરીક્ષામાંથી રદ કરવામાં આવ્યા છે. આપણી ઉગતી પ્રજાની નીતિ અને ચારિત્ર્યના દેવાળાના આ આંકડાઓ જોઈ આપણે શરમાવું ઘટે.

પોતાનું ચારિત્ર્ય ડુબાવીને પરીક્ષાઓ પસાર કરવી, હોશીઆર ગણાવું ને દુનીઆમાં મહાલવું એ જ પરિણામ જો તમારા અભ્યાસનું હોય તો શાળાઓમાં શીખેલા રામ અને હરિશ્ચન્દ્ર કે વૉશિંગ્ટન અને લિંકનનો કશો જ અર્થ નથી. જે શિક્ષણ આપણને લાલચોથી દૂર રહેતાં–મનને કાબુમાં રાખતાં શીખવે નહિ તે શિક્ષણની કીંમત શી?

પરીક્ષા જ આપણી જીંદગીનો માર્ગ નક્કી કરનાર બને એમાં આપણી કેટલી પરાધીનતા રહી છે તે વિષે હું આગલી મિજલસમાં ઇશારો કરી ગયો છું. પરીક્ષા પસાર કરવા પ્રામાણિક મહેનત કરો, પરીક્ષાનો દરેક વિષય પુરેપુરો શીખો, અને તેમ છતાં પણ તમે પરીક્ષા પાસ કરવા શક્તિમાન ન લાગો તો તમારી નીતિનો ભોગ આપીને કદિ આગળ જવાની ઇચ્છા ન કરો. ગમે તેવા ભારે લાભને પણ ઠોકરે મારી તમે તમારી નીતિનું રક્ષણ કરી શકો, તમારા ચારિત્ર્યને ઉજળું રાખી શકો, એ તમારી ખરી પરીક્ષા છે. અને તેવો વખત તમારી જીંદગીમાં આવે ત્યારે પરીક્ષાનો બળાપો છોડી દઇ પ્રભુનો પાડ માનજો કે તમે એક સાચા મનુષ્ય તરીકેની પરીક્ષામાંથી પસાર થયા છો.

કોઇ પણ મનુષ્યનો વિકાસ તે પરીક્ષામાં નાપાસ થયો એટલે અટકી પડતો નથી. ગયા માસની પરીક્ષાઓમાં તમે નાપાસ થયા હો તો હરગીઝ ગમગીન ન થતા. નિરાશા અને નિષ્ફળતાની સામે ટક્કર ઝીલી હસતે મોઢે ઉભા રહેવું એ પણ એક પરીક્ષા છે; અને એવા પ્રસંગે તમે એક વાર તમારી પ્રસન્નતા અને ઉત્સાહ જાળવી શકયા, તો જાણજો કે તમારા ભવિષ્યમાં મોટો વિજય અને શુભ ફળ તૈયાર છે.

❧

ઘણાઓનો એવો મત સંભળાય છે કે 'કુમાર' 'વીસમીસદી' જેવું રંગીલું નથી; 'ગુજરાત' જેવું દળદાર નથી; 'નવચેતન' જેવું રંગબેરંગી નથી; 'યુગધર્મ' જેટલું તેમાં વાંચન નથી.

ઉપલાં બધાં 'નથી' ગણાવનારાઓ, બીજી બાજુ 'કુમાર'માં જે કંઈ 'છે' તેના પર ધ્યાન આપે એવી અમારી લાગણી છે. 'કુમાર' તમારો 'વિલાસ' પુરો પાડનારૂં નહિ પણ તમારા 'વિકાસ'માં સહાયભૂત થનારૂં માસિક છે. તે બેશક 'રંગીલું' નથી, પણ રસભર્યું છે; તે દળદાર નહિ હોય, પણ સારી અને

છતી આંખે - - - !

હા, છતી આંખે ! એ બહુ અજબ, પણ હળવી કરીને ગળે ઉતારવી પડે એવી વાત છે કે આપણામાંથી સેંકડે એંશી માણસો 'છતી આંખે આંધળા' હોય છે.

અણમુલાં બે રત્નો જેવી પ્રભુની દીધેલી આ આંખોનો ખરો ઉપયોગ કેટલા ઓછા જણ કરે છે ?

'જોવું' એ તો આંખનો સામાન્ય ઉપયોગ છે; ખરો ઉપયોગ તો 'અવલોકન કરવું' એ છે. દીઠેલી દરેકે દરેક વસ્તુને સમજીને મનમાં ઉતારવી એનું નામ 'અવલોકન કરવું.' આપણામાંના કેટલા માણસો આમ અવલોકન કરતા હશે ?

ફળીઆમાં ઓટલા પર બેસી એક છોકરો પોતાને ઘેર આવેલા મહેમાન સાથે વાતો કરતો હતો. મહેમાન બન્ને આંખે અપંગ હતા. એટલામાં એક માણસે આવી પુછ્યું, 'હમણાં અહીં થઇને કોઈ ગયું ?' છોકરાએ કહ્યું, 'કોણ જાણે; મને ખબર નથી.' પણ પેલા આંધળા મહેમાને તરત જવાબ આપ્યો, 'હા; બેએક મીનીટ પહેલાં એક પુરુષ અને એક સ્રી વાતો કરતાં કરતાં ગયાં.' પુછનારે કહ્યું, 'હા, એ જ. એ કઇ તરફ ગયાં ?' આંધળાએ હાથની ઇશારતથી દિશા બતાવી.

આ જોઇ છોકરો તો દિગ્મૂઢ થઇ ગયો. તેણે પુછ્યું, 'તમે દેખતા નથી છતાં આટલું બધું કેમ જાણ્યું ?' અંધ મહેમાને જવાબ આપ્યો, 'આપણે વાતો કરતા હતા ત્યારે બે જણ વાતો કરતાં આમથી આવીને આ તરફ ગયાં. તેમના અવાજ પરથી મેં ધાર્યું કે એક પુરુષ છે ને બીજી સ્રી. મારી આંખે ખોટ રહી, એટલે કાન, નાક, સ્પર્શ વગેરેથી અવલોકન કરવાની ટેવ મેં પાડી છે. કેમ, તમે એમને ન જોયાં ?' છોકરે કહ્યું, 'કોણ જાણે, ભાઇ; મારૂં તો ધ્યાન ન રહ્યું.'

આપણામાંના કેટલા યે જણાનું આમ 'ધ્યાન નથી રહેતું.' એ આંધળા કરતાં યે નપાવટ નહિ ? રોજના જીવનમાં આપણે માત્ર 'ધ્યાન રાખીએ' તો અવલોકનથી જ્ઞાન વધારવાની કેટલી યે તક ગુમાવતા અટકીએ.

અવલોકન કરતાં શીખવાનો એક સહેલો માર્ગ છે. તમે જે કંઇ જુઓ તે થોડીવાર પછી યાદ કરો. તે વખતે તમને લાગશે કે તમે ઘણી વસ્તુઓ જોવાનું ભુલી ગયા છો. ટપાલની ટીકીટ પર શું શું ચીતરેલું છે તે તમને યાદ છે ? નથી. કારણકે તમે તે પર કદી ધ્યાનથી જોયું નથી. ઘેર જતાં તમારા રોજના માર્ગમાં કેટલા ખાંચા આવે છે તે તમે ભાગ્યે જ કહી શકશો. તમે ક્યા નંબરની ગાડીમાં બેસીને સ્ટેશને ગયા હતા ? તમારા ઘરની નીસરણીને કેટલાં પગથીઆં છે ? કાલે તમારી સભામાં કોણ ગેરહાજર હતું ? વગેરે જવાબો તમે નીરીક્ષણ કર્યું નહિ હોય તો આપી નહિ શકો. ત્યારે જ તમને બરોબર જોવાની ટેવ પાડવાની જરૂર સમજાશે.

અવલોકનનો મોટો ફાયદો એ છે કે તે યાદશક્તિને પાકી બનાવે છે અને અનેક મુંઝવણ વખતે ઉપયોગી કામ કરી દે છે.

જીંદગીની પ્રત્યેક પળે તમારી આંખો ઉઘાડી, અને બુદ્ધિને ચપળ તથા તત્પર રાખજો. અવલોકનની એક પણ તક ગુમાવતા નહિ. નહિતર પછી પ્રભુએ આંખો દીધી ન દીધી બધું સરખું છે.

ચુંટેલી-જ વસ્તુઓથી સભર છે; સંગ્રહેલી નથી પણ રસથી ભરપુર છે. તે કોઇ લખાણથી ભરેલું નથી, વાંચનારા ચિત્રો છાપતું નથી એ ખરૂં; પણ અગત્યનું જ્ઞાન સાથે પોષણ આપનાર સાહિત્ય અને આંખને આનંદ આપી ફળનાર કલાના મધુર મીલન જેવું છે.

❧

વાંચનાર ન ભુલે કે બધાં માસિકો દેશની સેવા કરવાના હેતુથી નીકળ્યાં હોય છે; પણ દરેકને પોતપોતાનું કામ કરવાનું ચોક્કસ નિશાન અને ઢબ હોય છે, અને તે રીતે 'કુમાર' કામ કરતાં શિખેલું છે. તેને કોઈની સ્પર્ધા નથી કરવી પણ વર્તમાનપત્રના ઉત્તમ ધર્મનું પાલન કરવાની ઇચ્છા છે. मा विद्विषा महै ।

❧

મીજલસમાં થતી ચર્ચા એકલા તંત્રીને માથે જ રહે છે તેથી તંત્રીને અસંતોષ જ લાગે છે. બીજા વાંચનારા અનુભવીઓ તેમાં ભાગ લેતા થાય એવી ઇચ્છા પ્રથમ અંકથી જ જાહેર કરી હતી; છતાં દિલગીરી એ જ છે કે કોઇ તેમ કરવા આગળ પડતું નથી.

ડૉ. આલ્ફ્રેડ નોબેલ

જગતમાં શાન્તિ સાધવાને અખંડ યત્ન કરનાર તરીકે ગાંધીજીને એક ભારે ઈનામ મળવાનુ છે એમ આપણે થોડાક માસ પૂર્વે સાંભળ્યું હતું. તે શું અને કોનું હતું એ જાણવા સૌ કોઈ આતુર રહે. એ ઇનામ તે 'નોબેલ પ્રાઈઝ'.

દુનીઆમાં સૌને પોતાનું અને પરનું ભલું કરવાનું મન હોય છે. કોઈ વધુ કરી જાય છે અને કોઈ ઓછું. ડૉ. આલ્ફ્રેડ નોબેલ મોટો પરમાર્થ કરી ગયા છે.

કોઈ પોતાના કુટુંબનું હિત કરે; કોઇ સગાંવહાલાંનું અને પડોશીઓનું; કોઈ વળી જ્ઞાતિનું, શહેરનું અને સ્વદેશનું ભલું ઈચ્છે; પરંતુ वसुधैव कुटुम्बकम् એટલે આખા જગતને પોતાનું કુટુંબ જાણે અને સમભાવથી સેવા અર્પે એવા મનુષ્યો વિરલા મળે છે. ડૉ. આલ્ફ્રેડ નોબેલ એવા એક સત્પુરુષ હતા.

ઈનામોની લાલચે હરીફાઈ કરાવવી એ રીત સારી નથી; પરંતુ નોબેલનાં ઈનામો તો મોટી સેવાની કદર તરીકે આપવામાં આવે છે.

ડૉ. નોબેલે જગતનાં સુખ સગવડ વધારવા પોતાની બુદ્ધિ કેળવી તેનો સદુપયોગ કર્યો. દુનીઆને ઉપયોગી બની એ ધનવાન થયો: ધનવાન બનીને પરમાર્થી રહ્યો.

બાપનો ધંધો દીકરો ચલાવે એવો આપણે ત્યાં અસલનો રીવાજ છે. તેથી કુળના ધંધા જળવાતા. ડૉ. આલ્ફ્રેડ નોબેલે પણ પોતાના પિતાનો વારસો લીધો, કેળવ્યો અને વધાર્યો. પિતાએ અધુરૂં રાખ્યું તે પુત્રે પુરૂં કર્યું.

'કારીગર હલકો' એવી માન્યતા ખોટી છે. કોઈપણ વિદ્વાન જેટલો જ એ મોભાદાર અને પુજવાજોગ છે. જગતનું હિત હમેશાં કારીગર વધુ કરી શકે. વળી, નાનો સરખો મજુર પણ ધીરજ અને ખંત રાખે તો કોઇ દહાડો મોટાં કામ કરે એ આપણે નોબેલના જીવન ઉપરથી જાણી લઈએ.

વિજ્ઞાનની શોધ માટે તેમજ જગતની શાન્તિ માટે ઈનામો રાખીને ડૉ. આલ્ફ્રેડ નોબેલ એમ કહેવા માગે છે કે વિજ્ઞાનની શોધો જગતની શાન્તિ માટે હોવી જોઈએ. જેનાથી જગતની શાન્તિ વધવાને બદલે ઘટે તેવું કાંઈપણ માણસજાતને ન શોભે. 'ડાઇનેમાઇટ'ની શોધ

તેણે સંસારના સુખ માટે કરી; પણ લોકોએ માણસોના જાન લેવામાં તેનો દુરૂપયોગ કર્યો.

ડા. આલ્ફ્રેડ નોબેલ જગતને કાજે હમેશનું હિત કરી જઈ ચિરંજીવ થયા છે. એમના જીવન પરથી આપણને લાગે છે કે માણસ ધારે તો મરી ગયા પછી પણ જીવી શકે છે.

સ્વીડન દેશ આજ પણ જેને માટે ગગરૂર છે અને જેનું નામ જગતની જીભે ચઢ્યું છે. તે વિચક્ષણ બુદ્ધિનો પુરુષ ડૉ. આલ્ફ્રેડ બર્નાહાર્ડ નોબેલ હતો. તેનો જન્મ સ્વીડનના સ્ટૉકહોમ શહેરમાં ઈ. સ. ૧૮૩૩ના ઑક્ટોબરની ૨૧મી તારીખે થયો હતો. તેના પિતાનું નામ ઇમૅન્યુઅલ નોબેલ. આલ્ફ્રેડ તેનું ત્રીજું સંતાન હતું.

ઇમૅન્યુઅલ નોબેલ બાળપણમાં ભણતરનો કાયર હતો. આથી તેને મોચીની દુકાને કામ શીખવા બેસાડવામાં આવ્યો. પણ જોડા શીવવામાં તેને રસ ન પડ્યો. કામ કામને ઠેકાણે મુકી એ હોડીઓ અને વહાણોનાં ચિત્રો કાઢવા લાગી જતો. ત્યાર પછી થોડા વખત સુધી તેણે ભૂમધ્ય સમુદ્રમાં સફરો ખેડી અને વહાણના બાંધકામને જરૂરની કેળવણી લીધી. એક વહાણ બાંધનારની જોડે રહી થોડો વખત તેણે અનુભવ મેળવ્યો. અહીં પણ તેની ચાલાક બુદ્ધિને સંતોષ ન વળ્યો. એની મહત્ત્વાકાંક્ષા મોટી હતી. એ નવી શોધો કરવાને તત્પર થતો. આ કારણસર સાધારણ હુન્નરથી તે પ્રસન્ન ન હતો. એ વેળા સ્વીડનમાં એવું કોઇ નહોતું કે જે આ યુવકની બુદ્ધિ ઓળખી તેનો ઉપયોગ કરે; એવું કોઇ ઉદાર ન હતું કે જે થોડા પૈસા આપી ઇમૅન્યુઅલને અવનવી શોધો કરવા દોરે. એક દિવસ શોધને માટે સાહસ ઉઠાવવા તેનો જીવ તલપી રહ્યો અને પોતાના કુટુંબને છોડી તે ચાલી નીકળ્યો. ક્યાં? જ્યાં એના સાહસિક ચિત્તને શાન્તિ મળે ત્યાં—રશીઆની રાજધાની સેન્ટપિટર્સબર્ગ તરફ.

પાછળ ઇમૅન્યુઅલની અનાથ પત્ની એકલી પડી. બાળકોને ઉછેરવાનો અને કુટુંબને પોષવાનો સઘળો ભાર તેના પર હતો. બાઈ સંસારની પુરી અનુભવીઅણ હતી. તેણે બધાં જ બાળકોને કારીગર બનાવ્યાં.

આ બાજુ ઇમૅન્યુઅલે રશીઆમાં 'ટૉર્પિડો' બનાવવાનું કારખાનું કાઢ્યું. કૈંક સમૃદ્ધ થતાં તેણે કુટુંબને પોતાની પાસે બોલાવી લીધું અને સુખચેનમાં રહેવા લાગ્યો. પરંતુ વિધિ વિચિત્ર છે. આ સુખની પળ લાંબી ન ચાલી. એ વેળાનો રશીઆનો ઝાર મરણ પામવાથી રાજ્યમાં અચાનક કેટલાક ફેરફારો થયા. આથી નોબેલના ધંધાને પણ ધક્કો લાગ્યો. એ પાયમાલ થયો. જેવો ખાલી હાથે એ રશીઆમાં આવ્યો હતો તેવો જ પાછો એ સ્વદેશ સ્વીડન જવા નીકળ્યો.

આલ્ફ્રેડનું આરોગ્ય સ્વીડનના પહેલા વસવાટ દરમ્યાન નબળું રહેતું તે હવે રશીઆથી સ્વીડન ગયા પછી સુધરતું ચાલ્યું, અને તે પિતાના કામમાં મદદ કરવા લાગ્યો. ઇમૅન્યુઅલ એ વેળા નાઇટ્રો ગ્લિસરાઇન નામનો સળગી ઉઠે એવો પદાર્થ બનાવવામાં રોકાએલો હતો. આ શોધના લાભાલાભ લોકોએ ખુબ જ લીધા છે; પરંતુ ઇમૅન્યુઅલને એ શોધ કરવામાં અથાગ શ્રમ અને ભોગ આપવા પડ્યા છે. એકવાર નાઇટ્રો ગ્લિસરાઇન સળગ્યો. તેના ધડાકાને લીધે એનો નાનો પુત્ર ઇજા પામ્યો ને મરી ગયો!

આઠ વરસ પછી ઇમૅન્યુઅલ પણ મરી ગયો. હવે રૉબર્ટ, લુઈ, આલ્ફ્રેડ અને તેમની વિધવા માતા, એટલાં રહ્યાં. ત્રણે પુત્રોએ પિતાનું કામ પુરૂં કરવા અને તેનું નામ પ્રસિદ્ધિમાં લાવવા કમ્મર કસી; અને નાઇટ્રો ગ્લિસરાઇનની શોધને વધુ ઉપયોગી બનાવવા નિશ્ચય કર્યો.

નાઇટ્રો ગ્લિસરાઇન એક જાતનો તેલી પદાર્થ છે. મોટા ખડકો તોડવામાં તેની બહુ વપરાશ થાય છે. વળી એ જોખમકારક પણ ઘણો છે. એ અકસ્માત સળગી ઉઠે છે અને જાનમાલની ખુબ ખુવારી કરે છે. તેને ઓછો જોખમી અને વધુ ઉપયોગી કરવો એ આલ્ફ્રેડ નોબેલની નેમ હતી. આ સારૂ તેણે રાતદિવસ તનતોડ મહેનત ઉઠાવી. ઘણીવાર એવું બને છે કે અપાર પરિશ્રમને અંતે લગભગ નિષ્ફળ થઇએ ત્યારે એકદમ માર્ગ મળે છે અને વિજય પ્રાપ્ત થાય છે. આલ્ફ્રેડને પણ એવું જ થયું. એક અણધાર્યા પ્રસંગે તેને રસ્તો સુઝ્યો.

ઇ. સ. ૧૮૬૩માં એક દિવસે થોડો નાઇટ્રો ગ્લિસરાઇન ખોખાની તડમાંથી જમીન પર ઢોળાઇ ગયો. ત્યાં એ વજ્ર જેવી કઠણ પણ છિદ્રાળુ માટી સાથે મળ્યો. એ બેના મિશ્રણથી એક જાતનો પોચો માવો બન્યો. આલ્ફ્રેડ આશ્ચર્યપૂર્વક આ જોઇ રહ્યો. આ માવાનો ઉપયોગ કરી જોતાં માલુમ પડ્યું કે તે મુળ પદાર્થ જેટલો જ અસરકારક હતો. આ શોધથી તે પદાર્થ ઓછો જોખમકારક થયો. હવે નોબેલનું કામ સરળ થયું.



ડૉ. આલ્ફ્રેડ નોબેલ

પછી તો વરસો વીત્યાં અને નોબેલે બીજી શોધ કરી. તેણે 'ડાઇનેમાઇટ' નામનો નવો પદાર્થ બનાવ્યો. ડાઇનેમાઇટ એ દારૂ જેવો સ્ફોટક પદાર્થ છે. તેની સુરંગ ભરી ફોડવાથી મોટા ખડકો ઉડાડી શકાય છે. ઇ. સ. ૧૮૬૭ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે તેણે આ શોધનું પેટન્ટ લીધું. તે દિહાડાથી આખી દુનીઆનું ધ્યાન નોબેલ તરફ ખેંચાયું. ડાઇનેમાઇટના ધંધામાંથી અને બાકુના તેલના કુવામાંથી તેણે અનગળ દોલત મેળવી. વળી બીજી પણ કેટલીક શોધો કરીને ધીમે ધીમે એ ધનવાન થયો.


નવાઇની વાત એ છે કે સમૃદ્ધ અને સુખી થયા છતાં એ કુંવારો જ રહ્યો. માતાએ કેટલા ભોગ આપીને, કેટલું તપ કરીને અને દુઃખ વેઠીને પોતાને ઉછેર્યો હતો એ આલફ્રેડ કદિ વીસર્યો નહિ. પોતાની માતા પ્રત્યે એને પુરી ભક્તિ હતી. એ ઘરથી ગમે તેટલો દૂર દેશમાં હોય તોપણ પોતાની દરેક વરસગાંઠ પોતાની માતાની સાથે જ ઉજવતો.

દુનીઆમાં એવા બહુ ઓછા માણસો છે કે જેમનું નામ એમના અંતકાળના વસીઅતનામથી વિખ્યાત થયું હોય. આલ્ફ્રેડ નોબેલે પોતાનું નામ મૃત્યુની ઘડીએ લખેલા 'વીલ' થી જગતમાં અમર કર્યું. પોતાની પુંજીનો મોટો ભાગ તેણે માનવજાતના કલ્યાણ અર્થે દઇ દીધો.

પોતાના વીલમાં એણે જુદી જુદી પાંચ બાબતોનાં, દરેક ૧,૨૦,૦૦૦ રૂપીઆનું, એવાં પાંચ ઇનામો રાખ્યાં. જે કોઇ (૧) ફીઝિક્સ, (૨) રસાયણવિદ્યા અને (૩) શરીરશાસ્ત્ર કે ઔષધશાસ્ત્રમાં લોકોપયોગી શોધખોળો કે સુધારાવધારા કરી શ્રેષ્ઠ નીકળે તે દરેકને એક એક ઇનામ આપવાનું ઠરાવ્યું. (૪) જે લેખક ઉંચા સાહિત્યનું સ્વતંત્ર ને સર્વોત્તમ પુસ્તક લખે તેને એક; અને (૫) જે કોઈ દેશપરદેશની પ્રજાઓમાં ભાઇચારાનો સંબંધ ગાઢ કરે, લશ્કરોમાં ઘટાડો કરાવે અથવા જગતની શાન્તિ અને સમૃદ્ધિમાં વધારો કરે તેવા સર્વોત્કૃષ્ટ પુરુષને એક. આ ઇનામો એની પુંજીના વ્યાજમાંથી અપાય છે. આ ઇનામોનાં પાત્રોની પરીક્ષા માટે સ્વીડનની રાજસભાના સભ્યોનું એક મંડળ તેણે નીમ્યું છે. એ મુજબ આજસુધીમાં ઘણાં ઇનામો અપાઇ ગયાં છે.

ફીઝિક્સનાં ઇનામો લૉર્ડ રેલે, પ્રો. જે. જે. થૉમ્સન, પ્રો. ડબલ્યુ. એચ. બ્રૅગ, તથા પ્રો. ડબલ્યુ. એલ. બ્રૅગને મળ્યાં છે. રસાયણવિદ્યાનાં ઇનામો સર ડબલ્યુ. રેમ્સે અને પ્રો. રુથરફૉર્ડને; શરીરશાસ્ત્ર અથવા ઔષધશાસ્ત્રમાં સર આર. રૉસને; સાહિત્યમાં રડયાર્ડ કિપ્લિંગ, રોમેઇન રોલાન્ડ, આનાતોલ ફ્રાન્સ, ડબલ્યુ. બી. યીટ્સ, અને રવીન્દ્રનાથ ઠાકુરને; સુલેહશાન્તિ માટે સર ડબલ્યુ. આર. ક્રીમરને. તે ઉપરાંત પ્રો. રૉંજન, ક્યુરી દંપતી, માર્કોની, મૅટરલિંક, પ્રેસિડંટ વિલ્સન અને રૂઝવેલ્ટને પણ જુદા જુદા વિષયો માટે આ ઇનામો મળેલાં છે.

ઈ. સ. ૧૮૯૬ના ડીસેમ્બરની ૧૦મી તારીખે ડૉ. આલ્ફ્રેડ નોબેલ સાન રેમોમાં મરણ પામ્યો. એનું મરણ જગતને કલ્યાણરૂપ નીવડ્યું છે. સ્વર્ગસ્થ નોબેલની હિતબુદ્ધિ અને ઉદારતાનો અંશ આપણામાં પણ ઉતરો.



સંધ્યા

કેવી સુંદર સંધ્યા ખીલી !

ઇશ્વરનો ઝળહળતો દીવો,
    અખુટ તેજફુવારા જેવો,
તપી તપીને નમતો નમતો
    પશ્ચિમમાં આથમતો સુરજ
ડુબ્યો સાગરનાં જળ ઝીલી :
    કેવી સુંદર સંધ્યા ખીલી !

અંગ સજી સાડી નવરંગી
    વાદળીઓ હળતી ને મળતી,
લાલ લલિત સિંદુર સમ તેની
    રમ્ય કિનારી શી ઝળહળતી !
એ તો રમતી રાસ રસીલી :
    કેવી સુંદર સંધ્યા ખીલી !

સોનેરી કુમકુમથી લીપ્યા
    આથમણા નભચોક અનેરા,
ઉગતા તારલીઆનાં મોતી
    નાનીશી મુઠ્ઠીએ વેર્યા;
રમતી ત્યાં ચંદા સાહેલી :
    કેવી સુંદર સંધ્યા ખીલી !

વાદળીઓની લલિત લતાએ
કુંચનનાં કેશુડાં ખીલ્યાં,
ભર-દુનીઆએ એનાં ઓજસ
આભેથી ઉતરતાં ઝીલ્યાં;
તેજછટા છવરાઇ શાળી :
કેવી સુંદર સંધ્યા ખીલી!

નિજ પદરજથી અંગ રજોટયાં
ધેનુનાં ધણ આવે ધાયાં,
ગોવાળે લલકારી તેને
સોનેરી સરિતાજળ પાયાં;
ભાંભરતી વાછરડાં-ઘેલી :
કેવી સુંદર સંધ્યા ખીલી!

પંખી માળે કિલકિલ કુજે,
મન્દિરની ઝાલરીઓ ઝણુકે,
ચંડુલો આકાશે ઉંચે
ગાતાં ગીત મધુરી હલકે;
પર્વત ઉપર રાતી પીળી
કેવી સુંદર સંધ્યા ખીલી!

ધીંગા ખેડુત આવે ધસતા,
સીમંતણી લક્ષ્મી ઘર લાવે,
તેની લલના ગીત ગજવતી
વગડાને રસ પાતી આવે;
એવી રસઘેલી અલબેલી
કેવી સુંદર સંધ્યા ખીલી!

વિરામ કાજેનો કોલાહલ
મચી રહ્યો વૃક્ષે ને ગ્રામે,
વિપ્રોનાં સંધ્યાવંદનના
શાન્તિ સરિતાને તીર જામે;
સવિતાના શુભમંત્રો ઝીલી
કેવી સુંદર સંધ્યા ખીલી!

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ



કેન્ટુસ્કીની પાતાળગુફા

એક વીર કુમારનું અદ્ભુત સાહસ

૧

અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સના કેન્ટુસ્કી નામે પરગણામાં એક મોટી અજબ ગુફા આવેલી છે. તે દુનીઆની અનેક અજાયબીઓમાંની એક અદ્ભુત અજાયબી છે. આજથી સો સવાસો વર્ષ પહેલાં તો કેન્ટુસ્કીનો પ્રદેશ જંગલો અને રીંછોથી ભરેલો હતો, અને તેના કોઇ કોઇ ભાગમાં માત્ર થોડી વસ્તી હતી.

શોધ

ઇ. સ. ૧૮૦૯માં એક દિવસ કોઇ શીકારી કેન્ટુસ્કીનાં જંગલોમાં રીંછનો શીકાર કરવા ગએલો. તેણે એક રીંછને ગોળી મારી જમીનદોસ્ત કર્યું. પણ એ તેની પાસે જાય તે પહેલાં તો રીંછ ઉઠીને ભાગ્યું, અને શીકારીએ તેની પુંઠ પકડી. એકાએક એક ઝાડી આવતાં રીંછ તેમાં અદૃશ્ય થઇ ગયું. શીકારી તેની તપાસ કરવા સાવચેતીથી ઝાડીમાં પેઠો, તો ત્યાં ઘેરાં ઝાડવાંથી ઢંકાએલી એક ગુફાનું મોં તેના જોવામાં આવ્યું.


આ શીકારી બડો છાતીઘડો માણસ હતો. રીંછની શોધ માટે તે હિમ્મતથી ગુફામાં ઉતર્યો. થોડે જઇ જોતાં તેને એ બહુ ઉંડી અને વિસ્તારવાળી જણાઈ. અવડ, અંધારી, અજાણી અને વિશાળ ગુફામાં વધારે આઘા જવું તેને ઠીક ન લાગ્યું એટલે તે પાછો ફર્યો. પણ આ વાત તેણે પોતાના મિત્રો અને ઓળખીતાઓને કહી અને તેઓ સૌ મળીને કૌતુકના માર્યા મશાલો લઈ તેમાં ઉતરવા તથા શોધ કરવા લાગ્યા.

ગુફાની અંદરથી મળી આવેલા અવશેષો પરથી માલુમ પડ્યું કે પ્રાચીન કાળમાં અમેરિકાના રાતા રંગના જુના વતનીઓ—રેડ ઇન્ડીઅન્સ—તેમાં રહેતા હશે. એ લોકો વાપરતા તે જાતની મશાલો હજી પણ તેમાંથી મળી આવે છે.

થોડો ઈતિહાસ

ઉપલી શોધ થયા પછી એ વખતે તો લોકોનું ધ્યાન એ ગુફા તરફ બહુ ખેંચાયું નહિ. એ જમીનના માલિકે એ ગુફાવાળો ૨૦૦ એકર જમીનનો ટુકડો આઠ પાઉંડની કીંમતે વેચી નાખ્યો. એ અરસામાં યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇંગ્લંડ વચ્ચે લડાઈ સળગી અને દારૂગોળાની ખુબ જરૂર પડવા લાગી. બંદુકના દારૂની બનાવટમાં સુરોખાર આવે છે. આ ગુફાની જમીનમાંથી પુષ્કળ સુરોખાર મળી આવે તેમ હતું, તેથી તેના નવા માલિકે એ ગુફામાં ઉંડે એક માઇલ દૂર સુરોખાર બનાવવાનું કારખાનું કાઢ્યું. એ કારખાનામાં સીદી ગુલામો કામ કરતા હતા, અને તેમણે એક વરસ સુધી અંદર જ રહીને કામ કર્યા કર્યું હતું. થોડા વખત પછી ઇસ્ટ ઈંડીઝના ટાપુઓમાંથી વધારે સસ્તો સુરોખાર આવવા લાગ્યો, એટલે વેપારમાં ખોટ જવાથી આ ગુફાના માલિકે પોતાનું કારખાનું બંધ કર્યું. એ કારખાનાનાં જુનાં રાચરચીલાં, ગાડાના ચીલા અને બળદોનાં પગલાં હજી પણ ત્યાં મુસાફરોના જોવામાં આવે છે.

એ કારખાનાના બંધ થવા પછી તરત જ થોડા વખતમાં એક માણસ તે ગુફામાં ગએલો તે એ દહાડા સુધી પાછો ન ફરવાથી એ ગુફાની રીતસર શોધ કરવાનું ઠરાવવામાં આવ્યું. એ કેટલી ઉંડી અને વિશાળ છે તે કોઇ ચોકસરીતે જાણતું ન હતું.



કેન્ટુસ્કીની પાતાળગુફાનો એક ભાગ

થોડાં માણસો અંદર એક ઉંડી ખાઇ સુધી જઇ શકયાં હતાં; પણ તેની પેલી પાર જવું તેમને અશક્ય લાગવાથી તે પ્રયાસ પડતો મુકાયો, અને તે ખાઈનું નામ 'અતળ ધરો' એવું પાડવામાં આવ્યું. પરંતુ ઇ. સ. ૧૮૩૮ માં આ ભયંકર ગણાતી ખાઈ માપવામાં આવી તો તે ૧૭૫ ફુટ ઉંડી માલુમ પડી. તે ખાઈ ઉપર લાકડાનો એક પુલ બાંધવામાં આવ્યો અને તે પર થઇને લોકોએ આગળ વધી વરસોવરસ નવી નવી શોધો કરવા માંડી. એ પુલ 'નીસાસાના પુલ' તરીકે ઓળખાય છે. અત્યાર સુધીમાં ગુફાના મુખ આગળથી અંદર ૭ માઇલ દૂર સુધી શોધ થઇ છે; પણ હજી સુધી એ ગુફાનો છેવટનો અંત હાથ લાગ્યો નથી.

કુદરતની કારીગરી

સૂર્ય, ચંદ્ર કે તારા—કશાના પ્રકાશ વિનાના, અંધારાઘોર પૃથ્વીના એ પેટાળમાં, ઝાંખાં ફાનસો અને મશાલોના બીહામણા ઉજાસમાં સફર ખેડવી અને શોધો કરવી એ કેટલું અદ્દભુત સાહસ કહેવાય ? આ વિશાળ ગુફામાં સરોવરો અને નદીઓ, જળધોધ અને ઝરણો, ખડકો અને ખાઇઓ, કોતરો અને વિવરો, મોટમોટા ઓરડાઓ અને ઘુમટો, મહેરાબો અને થાંભલાઓ—બધું એકએકથી ચડીઆતું, અદ્દભુત, ભવ્ય અને સુંદર છે. ઉપરાંત અંદર પ્રાણીઓનો પણ વાસ છે.

વળી આ બધી વસ્તુઓનાં મુસાફરોએ વિચિત્ર, મનસ્વી અને રમુજી નામ પણ પાડ્યાં છે. એમાં 'એકો' (એટલે પડઘો) નામની નદી છે; લીથ નામનું એક સરોવર છે; મૃત સમુદ્ર છે; માલસ્ટ્રોમ નામનો એક મહાભયંકર પાતાળકુવો છે; એક ગોથિક ગૅલેરી, રેવેલરનો ખંડ અને 'પરિશ્રમ ટેકરી' પણ છે. મૃત સમુદ્રની ચોતરફ ૭૦ ફુટ ઉંચા ખડકો આવેલા છે; લીથ સરોવર પરના કાંઠાની રેતી સાબરમતીની રેતી જેવી સોનેરી રંગની છે; 'એકો' નદી આશરે એકાદ માઇલ લાંબી અને કોઇ કોઈ ઠેકાણે તો ૨૦૦ વાર જેટલી પહોળી અને ૩૦ ફુટ ઉંડી છે.

આ સરોવરો અને નદીઓની અંદર હોડી હંકારી મુસાફરી કરી શકાય છે. અંદરના આ બધા દેખાવો એટલા ભવ્ય અને રમણીય છે કે સફર કરતી વખતે મુસાફરને અર્જુનનો પાતાળપ્રવેશ સહેજે યાદ આવે છે.

'એકો' નદીને પૃથ્વીના પડ ઉપરની 'ગ્રીન' નામની નદીનો ધોધ અંદર આવીને મળે છે, એ સ્થાન અને દેખાવ ખરેખર જોવા જેવાં છે. ધોધનાં પાણીથી ઉડતી ઝણનું એવું ઘાડું ધુમસ ત્યાં બંધાઇ રહે છે કે મુસાફરો ત્યાં જતાં ગભરાઇ જાય છે. 'એકો' નદીમાં પોણા માઇલ સુધી તો હોડી હંકારી શકાય છે; પણ પછીથી તે પોલા ખડકો નીચે વહી જઇ અદૃશ્ય થઈ જાય છે. આ જગ્યાએ જો પિસ્તોલ ફોડવામાં આવે તો અંદરથી ભયાનક પડઘા ઉપર પડઘા સંભળાયા જ કરે છે, અને તે કેટલી યે મીનીટો સુધી લંબાયે જાય છે. એ ઉપરથી એ નદીનું નામ 'એકો' પાડ્યું હશે.

આ પાતાળગુફાની અંદરના ખંડો અને ઘુમટો પણ અદ્દભુત છે. આપણા બીજાપુર કે દરીઆખાનના, અથવા દુનીઆમાં સૌથી મોટા ગણાતા સેંટ પૉલ કે

સેંટ પીટરના દેવળના ઘુમટ તો તેની આગળ કંઈ વિસાતમાં નહિ. અહીંનો લ્યુસીનો ઘુમટ ૩૦૦ ફુટ ઉંચો અને ૨૦૦ ફુટ ઘેરાવાનો છે. 'તારામંડળ' નામનો એક ખંડ તો બહુ અજાયબીભર્યો છે. તેની ઉપરની છત ૭૫ ફુટ ઉંચી છે. તે કાળી મેંગેનીઝ ધાતુની બનેલી છે, અને તેમાં ચુના તથા ચીરોડીના ચળકતા પાસાદાર પત્થરો કુદરતી રીતે જડાએલા છે. મુસાફરની બત્તીના પ્રકાશથી આ છત આખી ઝગઝગી ઉઠે છે અને પત્થરો તારાની પેઠે પલક્યા કરે છે તે જોઇને આપણને જાણે એમ જ લાગે કે આપણે તારાજડિત આકાશ તળે ઉભા છીએ. ત્યાંથી બત્તી લઇને આગળ બીજા ખંડમાં જઇએ તો ઉપરની છત પર પડતો ઓળો જોઇને આકાશમાં મેઘાડંબર થતો હોય એમ લાગે. આ બધા અદ્દભુત દેખાવો જોઇ આપણને ઘડીભર થાય કે આપણે ગુફામાં નથી, પણ પૃથ્વી ઉપર જ છીએ.

માલ્સ્ટ્રોમનો પાતાળકુવો

'માલ્સ્ટ્રોમ' નામનો ભયંકર પાતાળકુવો એ આ આખી ગુફાનું દૂરમાં દૂરનું છેલ્લું સ્થાન છે. તે ગુફાના મોંથી અંદરની બાજુએ છ માઇલ દૂર છે; અને તેથી આગળ કોઇ જઇ શકતું નથી. આ કુવો ૨૦ ફુટના ઘેરાવાનો અને ૧૭૫ ફુટ ઉંડો છે. કેટલાં યે વરસો સુધી મુસાફરો ત્યાં આવીને અટકતા; અને અંદરથી આવતા એક મોટા જળધોધનો ભયાનક અવાજ સાંભળ્યા કરતા. પણ કોઇ માઇના પુતની અંદર જવાની છાતી ચાલતી નહિ. એકવાર તો એક માણસને સવાસો પાઉન્ડનું ઇનામ આપવાનું કહ્યું, પણ તેણે યે ના પાડી. બીહામણા અજગરના મોં જેવા એ ભયંકર ને ભેદી ઉંડાણમાં શું હશે તે વિષે લોકોનું કુતૂહલ વધતું ચાલ્યું. લોકોએ તેમાં ફાનસો ઉતારી જોયાં, પણ તેથી યે કંઇ ભાળ લાગી નહિ; ઉલટો ભેદ વધતો ચાલ્યો.

૨

આખરે એક બહાદુર માણસે હિમ્મત ભીડી. પુરતી તૈયારીઓ કરી એક મજબુત દોરડા વાટે તે અંદર ઉતર્યો. પણ સોએક ફુટ ઉંડો ગયો હશે ત્યાં તેની હિમ્મત ખુટી પડી અને તેણે બેબાકળા બનીને દોરડું હલાવી પોતાને ઉપર ખેંચી લેવાની સાથીઓને ઇશારત કરી. આ માણસ પાછો પડવાથી લાંબા વખત સુધી કોઇએ અંદર ઉતરવાની હિમ્મત કરી નહિ.

એ સાહસિક કુમાર

પણ સરજનહારની સૃષ્ટિ એમ છેક જ મરદ વિનાની નથી. ભલભલા છાતીધડા ને બહાદુર તથા મજબુત ને પહેલવાન માણસો જે ન કરી શક્યા તે ભયભર્યું સાહસ ખેડવા અઢાર વરસનો એક ઉગતો કુમાર આગળ આવ્યો. માલ્સ્ટ્રોમમાં ઉતરવાનું તેનું સાહસ એ દુનીઆના શોધખોળના ઇતિહાસનાં સૌથી અદ્દભુત પરાક્રમોમાંનું એક છે.



કેન્ટુસ્કીની ગુફાનો એક ઘુમટ

એક વર્તમાનપત્રના તંત્રીનો એ છોકરો હતો. એ એટલો નીડર અને બહાદુર હતો કે 'બીક' શું કહેવાય તે તો સમજતો જ નહોતો. આ ગુફામાં ફરવાનો અને શોધખોળ કરવાનો તે એટલો રસીઓ હતો કે શાળામાં રજા પડે કે તરત ત્યાં પહોંચી જતો. ગુફાના દરેકેદરેક ભાગમાં તે ફરી વળેલો હતો, અને તેના ભોમીઆઓ કરતાં પણ અંદરની ગલીકુચીઓ, રસ્તાઓ અને ભેદો તે વધારે જાણતો.

માલ્સ્ટ્રોમમાં આજ લગી કોઇ ઉતરી જ શકતું નથી એ વિચારે તેને બેવડું શૂર ચડ્યું અને છેવટે તેણે અંદર ઉતરવાનો પોતાનો મક્કમ નિશ્ચય બહાર પાડ્યો. એક બહુ જ મજબુત



શરીરનું સમતોલપણું બરોબર સાચવી
આંકડીઆવાળો હાથ લંબાવ્યો.

અને લાંબું દોરડું મેળવવામાં આવ્યું. માઉન્ટ્રોમના મોં ઉપરની કરાડો પર બે મોટાં બીમ ગોઠવી તેના ઉપર સાગની એક મજબુત ગોળ ગરગડી ગોઠવવામાં આવી. ઉતરતાં પહેલાં એક લાંબા દોરડાને મોટો પત્થર બાંધી તેને ઘુમાતો ઘુમાતો અંદર ઉતારવામાં આવ્યો, કે જેથી પોલાણની ભીંતોને વળગી રહેલાં ઢીલાં ચોસલાંઓ અંદર ખરી પડે અને ઉતરતી વખતે ઈજા ન કરે.

સાહસ

અને પછી એ છોકરાએ પોતાનું જીવસટોસટનું સાહસ આદર્યું. દોરડાના ગાળીઆમાં, એક હાથમાં ફાનસ લઇ તે બેઠો. પડતાં રહી ગએલું કોઇ પત્થરનું ચોસલું માથામાં ન વાગે એટલા માટે તેણે બેચાર ટોપીઓ માથે પહેરી લીધી હતી. મજબુત બાંધાના ૭ સાત જોરાવર માણસોએ તેને ધીમે ધીમે અંદર ઉતારવા માંડ્યો. ત્રીસ ચાળીસ ફુટ ઉતર્યો હશે ત્યાં તેને જમીનની અંદરની એક નાની નદી ભીંતમાંથી વહી આવી નીચે પોલાણમાં પડતી જણાઈ. પાણીના ઉડતાં સીકરથી તે ભીંજાઇ ગયો, અને તેનું ફાનસ મહામુશીબતે ઠરતું બચાવી શક્યો. ભીની, અવડ ને અંધારીઘોર એ ગુફામાં તેનું દોરડું નીચે ને નીચે ઉતરતું ગયું. ૧૭૫ ફુટ ઉંડે ઉતર્યા પછી તેના પગ કઠણ જમીનને અડક્યા. નીચે ઉતરી તેણે અંદર ચારે તરફ ફરીને તપાસ કરી. અંદરનો ભાગ વીસેક ફુટના ગોળાકાર ઘેરાવાનો હતો. એક બાજુએ બખોલ જેવું જણાતાં તેણે અંદર જઇ તપાસ કરી તો તેમાં થોડે દૂર એક નાનકડો ખંડ જણાયો. જ્યાં જુએ ત્યાં બરફના જેવી સફેદ શિલાઓ સિવાય કંઈ જણાયું નહિ.

તળીએ જે કંઇ જોવા જેવું હતું તે બધું તપાસી લઇને તે પાછો ગાળીઆમાં બેઠો અને દોરડું હલાવી પોતાને ઉપર ખેંચવાની સાથીઓને નીશાની કરી.

અરધે રસ્તે

ઉપર આવતાં વચગાળે ભીંતમાં એક છાજલી, અને તેની પેલી મેર ગુફા જેવું પોલાણ તેના જોવામાં આવ્યું. નીચે જતી વખતે પણ આ ભાગ તેની નજરે પડેલો. એ ગુફામાં જવું જોખમભર્યું હતું; પણ એ જોવી તો ખરી જ એવો મક્કમ નિશ્ચય કરી તેણે પોતાના દોરડાને હીલોળે ચડાવ્યું, અને છેવટે લાંબો હીલોળો લઈ ભીંતમાંથી આગળ નીકળી આવતી પત્થરની છાજલી જેવી છાટ પર પગ ઠેરવ્યો. પછી દોરડામાંથી ઉતરી, ગાળીઆનો છેડો પોતાના હાથમાં રાખી ત્યાં ચોતરફ નજર ફેરવતો તે ઉભો.

વર્ષોનાં વર્ષો થયાં, ભલભલા હિમ્મતબાજ, મજબુત અને સાહસિક મુસાફરોની પણ જ્યાં ડગ દેવાની છાતી નહોતી ચાલતી એવા એ ભયંકર પોલાણની ભીંતને વચગાળે, ઉપરની પ્રકાશમાન દુનીઆમાં પોતાને લઇ જનાર જીવાદોરી રૂપ એક જ દોરડું પકડી, એ વીર કુમાર ઉભો હતો.


અકસ્માત

અચાનક, કોણ જાણે કેમ, જેવો તે છાજલીના ભાગમાં આગળ વધી ગુફા જોવા ઉતરે છે, એટલામાં પેલા દોરડાનો છેડો તેના હાથમાંથી સરકી ગયો! —ગયો! ખરૂં કહીએ તો તેની જીવનદોરી તેના હાથમાંથી સરકી ગઈ. આથી વધારે ભયાનક આફત તમે કાંઈ કલ્પી શકો છો? નીચે ૧૩૦ ફુટનું અંધારૂં બીહામણું પોલાણ! ઉપર એટલે જ દૂર તેના મિત્રો અને સાથીઓ હતા; પણ તેઓ તેને કશી જ મદદ કરી શકે તેમ નહોતું. તે બુમ પાડે તો તેનો અવાજ સરખો પણ ત્યાં પહોંચે તેમ ન હતું. ફાનસના અજવાળામાં દોરડું કુવાને વચગાળે લટકતું દેખાતું હતું; પણ છાજલીની કોર પરથી તે લઇ શકાય તેટલું પાસે ન હતું. હવે શું થાય? દોરડું હાથ ન આવે તો મરણ પ્રત્યક્ષ હતું!

આમ છતાં પણ વજ્ર જેવા કાળજાનો એ બાળ સાહસિક બીનો નહિ. તે નાહિમ્મત ન થતાં આવે અણીને પ્રસંગે ધીરજથી બચવાનો ઉપાય શોધવા સારૂ વિચાર કરવા લાગ્યો. મુશ્કેલી માણસને માર્ગ શોધી જ આપે છે; એમ આને પણ આ મરણની કટોકટીને પ્રસંગે માર્ગ સુઝી આવ્યો. પોતાની પાસેના ફાનસની આસપાસનો તાર તેણે ઉકેલી લીધો; અને તેને સીધો કરી તેના એક છેડાને વાળી આંકડીઓ બનાવ્યો. પછી ખુબ સાવચેતી અને હિમ્મતથી તેણે, પોતે ઉભો હતો તે છાજલીની કોર ઉપર પોતાનો પગ દૃઢતાથી ટેકવ્યો; અને શરીરનું સમતોલપણું બરોબર સાચવી આંકડીઆવાળો હાથ લંબાવ્યો.

એક જરા વધારે નીચો નમે; કે પગ નીચેની એક નાની સરખી કાંકરી ખરી પડે તો એ નીચે મૃત્યુના મોંમાં જ જઈ પડે તેમ હતું. પણ તેનું કાળજું શાન્ત, સ્થિર અને મજબુત હતું; અને તેનો પગ અંગદ જેવો દૃઢ હતો. તેની આવી દૃઢતા અને હિમ્મતનો બદલો પ્રભુ કેમ ન આપે? આંકડીઓ બરોબર દોરડામાં ભરાયો, અને તેણે તે આસ્તેથી ખેંચી લીધું.

હવે તેના જીવમાં જીવ આવ્યો. દોરડાને એક



ગરગડી સાથે ઘસાઈને ગરમ થવાથી
દોરડું અચાનક સળગી ઉઠયું.

ખડક સાથે મજબુત બાંધી તે સામેની ગુફામાં ૨૦૦ વાર જેટલો દૂર ગયો; પણ ત્યાં ખાલી પોલાણ અને છેડે એક તુટી પડેલા ખડક સિવાય કંઈ જણાયું નહિ એટલે પાછો ફર્યો. છાજલીમાં પાછો આવ્યો તો સામેની ભીંતમાં પણ તેવું જ પોલાણ તેના જોવામાં આવ્યું; પણ એટલો લાંબો ઝુકો ખાવો અશક્ય લાગવાથી ત્યાં જવાનો વિચાર તેણે માંડી વાળ્યો અને પોતાને ઉપર ખેંચવાની સાથીઓને નીશાની કરી. આ વાત લખવી, વાંચવી કે સાંભળવી સહેલ છે; પણ કરવી તો મરણ સટોસટની હતી!

બીજી ઘાત

ઉતરતાં જે મુશ્કેલી અને અકસ્માત ન નડ્યા તે ઉપર જતાં નડ્યા. જીવનદોરા હાથમાંથી છટકી જવાની એક ઘાત તરી ગયા પછી તે લગભગ ઉપર પહોંચવા આવ્યો એટલામાં, ગરગડી સાથે ઘસાઇને ગરમ થવાથી દોરડું અચાનક સળગી ઉઠ્યું. દોરડામાં બેઠેલા કુમારે ઉંચે જોયું તો ઉપર પોતાના મિત્રોને હાય પોકારતા સાંભળ્યા. થયું. કીનારે પહોંચેલું વહાણ ડુબવાની તૈયારીમાં હતું.

પણ એટલામાં એક માણસે તરતબુદ્ધિ વાપરી પાણીથી ભરેલો શીશો દોરડા પર રેડી તેને બુઝાવી નાખ્યું. રખેને ઘસાએલું દોરડું તુટી પડે એ બીકે છોકરાને ધીમે ધીમે ઉપર ખેંચી લેવામાં આવ્યો.

ઉપર આવ્યા પછી તેના ચહેરા પર બીક કે થાકની લેશમાત્ર છાયા નહોતી. જાણે ગામ બહાર આનંદથી લટાર મારી ઘેર પાછો આવ્યો હોય તેવો તાજો અને શાન્ત તે લાગતો હતો. બીજી બાજુ તેના સાથીઓ ચિંતા અને થાકથી ઢીલા થઈ ગયા હતા; અને તેમાંનો એક પ્રોફેસર તો અચંબા અને આનંદથી બેભાન થઇ ગયો!

એ સાહસિક અને વીર કુમારનું નામ તમારે જાણવું છે? માલ્સ્ટ્રોમને તળીએ કઠણ ખડક પર તેણે પોતાનું નામ કોતર્યું છે: વિલિયમ કોર્ટલૅન્ડ પ્રેન્ટાઇસ. તેના પછી ઘણા જણ એ માલ્સ્ટ્રોમમાં ઉતરી આવ્યા છે; અને એ ભયાનક ઉંડાણમાં પ્રથમ ઉતરેલા માનવીની અપૂર્વ હિમ્મતના સાક્ષીભૂત એ નામાક્ષરો વાંચી બેવડી હિમ્મત પામી આવ્યા છે.

૩

આ ગંજાવર ગુફા કેમ બની હશે તેનું રહસ્ય આ વિજ્ઞાનના યુગમાં જાણ્યા વિના ન ચાલે.

કેન્ટુસ્કી પરગણાની ઘણીખરી જમીન ચુનાના ખડકોની બનેલી છે. વરસાદનું પાણી પડતી વખતે તે હવામાંથી કારબન ડાયોક્સાઇડ નામનો વાયુ ખેંચે છે. એને લીધે પાણીમાં આછો કારબોનિક ઍસિડ બને છે. આ પાણીમાં ચુનાને ઓગાળી નાખવાનો ગુણ છે. તેથી વરસાદનું એ પાણી જમીનમાં ઝરે છે ત્યારે પૃથ્વીના ઉપલા પોપડા નીચે આવેલા, જમીનની અંદરના ચુનાના ખડકોને ઓગાળી નાખે છે. આથી અંદર મોટાં કોતરો અને પોલાણ પડે છે, અને એ કોતરોમાં, પૃથ્વીના પેટાળમાં વહેતી નદીઓનાં તળવહેણ વહી વહીને, કાળાંતરે ધીમે ધીમે ઘસારા પાડી, ખીણો, ગુફાઓ અને વિવરો પાડતાં જાય છે. ઉપરની ગુફાઓનાં પાણી જેમ જેમ નીચે ઝમતાં જાય છે, તેમ તેમ પૃથ્વીના પેટાળમાં વધારે ઉંડે ને ઉંડે બીજી નવી ગુફાઓ કોતરાતી જાય છે અને ઉપલી ગુફાઓ કોરી પડતી જાય છે. કેન્ટુસ્કી પરગણાની આઠ હજાર ચોરસ માઇલ જેટલી જમીનમાં આવી અસંખ્ય નાની મોટી ગુફાઓ ને પોલાણો આવેલાં છે. વર્જીનીઆમાં એક ઠેકાણે તો રેલ્વેના માર્ગને માટે જમીનમાં નવો બુગદો ન ખોદતાં આવી કોરી પડી ગએલી કુદરતી ગુફાનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.

ગુફાના થાંભલા કેમ બન્યા?

આ સુકી પડી ગએલી ગુફાઓમાં પણ ઉપલી છતમાં ઝીણું ઝીણું પાણી તો ઝમ્યા જ કરે છે; અને છતમાં તેના મોતીઆ બાઝે છે. આ પાણીમાં ચુનાનું થોડું તત્ત્વ ભળેલું હોય છે તે છતમાં જામી જઇ બાકીનું મોતીઆનું પાણી જમીન પર ટપકે છે, અને ત્યાં પણ તે સુકાતાં તેમાંનો ચુનો ઠરે છે. આમ વર્ષો સુધી આ મોતીઆની પરંપરા ચાલુ રહેતાં, ગુફાની છતમાં ચુનાના પાણીમાંથી બનતો થર મધપુડાની પેઠે નીચેની બાજુએ વધતો જ ચાલે છે. બીજી બાજુ નીચે ટપકેલા પાણીનો ચુનો પણ સુકાઇ જઈ રાફડાની પેઠે ઉંચો વધતો જાય છે. છેવટે કાળ વહેતાં, ઘણેક વર્ષે આ બન્ને થર સામસામા વધીને એકબીજાને મળી જાય છે અને કુદરતી થાંભલાના આકારે બની રહે છે. કેન્ટુસ્કીની ગુફામાં આવી રીતે હજી પણ કેટલાયે થાંભલાઓ બનતા આવે છે, તે ઉપરથી આ કુદરતી ક્રમ સ્પષ્ટ સમજાય છે. હજારો વર્ષો થયાં આ કુદરતી બનાવટ ચાલી આવી છે, અને તેને લીધે ગુફામાં સંખ્યાબંધ થાંભલાઓ અને ઘુમટો, કમાનો

અને મહેરાબો બંધાતાં આવ્યાં છે.

ગુફાની હવા

કેન્ટુકીની ગુફાના મોં આગળનું વાતાવરણ ઠંડું ને ધુમ્મસમય રહે છે. હવાને વિષે કુદરતી એવો નિયમ છે કે ગરમ હવા તપીને હલકી થાય ત્યારે ઉંચે ચડે, તથા તેની જગ્યાએ ઠંડી અને ભારે હવા ધસી આવે. ગુફાની અંદરની હવાનું ટેમ્પરેચર હમેશાં ૫૪ ડીગ્રી રહેતું હોવાથી, ઉનાળામાં જ્યારે બહારની હવા ગરમ થાય છે ત્યારે ગુફામાંથી ઠંડી હવા બહાર ધસી આવે છે; અને શીઆળામાં જ્યારે બહારની હવા અંદરની હવાના કરતાં વધારે ઠંડી થાય છે ત્યારે તે ગુફાની અંદર ધસી જાય છે. આ રીતે આ ગુફા વરસ દહાડે એક શ્વાસોચ્છ્વાસ ભરે છે: ઉનાળામાં શ્વાસ મુકે છે, અને શીઆળામાં શ્વાસ લે છે.

અંદરની હવા એટલી સુકી છે કે શરૂઆતમાં ક્ષયના દરદીઓ માટે તેમાં ઝુંપડાં બાંધવામાં આવ્યાં હતાં; પરંતુ પાછળથી એ યોજના ફળીભૂત થઈ નહિ.

ગુફામાં જીવજંતુઓ પણ રહે છે. માછલાં, તીડ, કરોળીઆ, માખીઓ, તમરાં, ચામાચીડીઆં વગેરે અહીં નજરે પડે છે. પણ આ જીવજંતુઓની આંખે દેખાતું નથી. વિદ્વાનોનો એવો મત છે કે શરૂઆતમાં જ્યારે ગુફા બનવા માંડી હશે ત્યારે બહારનાં જીવજંતુ અંદર ગયાં હશે; પરંતુ ત્યાંના ગાઢ અંધારાને લીધે તેમને આંખનો કશો ઉપયોગ ન રહેવાથી આંખો ખોટી પડી જઈ બીજી ઇન્દ્રિયોને બળ મળ્યું હશે. અને અલબત્ત, ગુફામાંનાં સઘળા જીવજંતુની સ્પર્શ તથા સાંભળવાની ઇન્દ્રિયો ઘણી જ તીવ્ર છે.

આ ગુફાની અંદરની ખાઇઓનું માપ લંગરો નાખીને, અને ઘુમટો તથા છતની ઉંચાઈનાં માપ દોરી સાથે બાંધેલાં નાનાં નાનાં બલુનો ઉંચે ઉડાડીને કાઢવામાં આવે છે. એક ઠેકાણે તો ૬૦૦ ચોરસવાર છેટલી જગ્યામાં છ મોટાં પોલાણો છે, જેમાંનું એક તો ૨૦૦ ફુટ ઉંડું છે. એ સિવાય માલ્સ્ટ્રોમ જેવાં કેટલાં યે ભયંકર પોલાણોના તાગ લાવવા હજી બાકી છે; અને એ બધાની શોધખોળનું કામ હજી પણ ચાલ્યા કરે છે. અંધારઘેરી આ અદ્દભુત પાતાળગુફા જાણે કુદરતી ભેદ અને ભયંકરતાનું ધામ ન હોય, એવી જ છે.

દુનીઆ કેવા કેવા ચમત્કારોથી ભરેલી છે, અને યૂરોપ અમેરિકાની પ્રજાઓ કેવી સાહસિક અને નીડર છે તે આ બ્યાન ઉપરથી આપણે સમજી લઇએ. સોળમા સત્તરમા સૈકાથી યૂરોપ અમેરિકાની પ્રજાઓ જે સાહસો કરતી આવી છે તે સાહસોને લીધે તે અત્યારે દુનીઆની બીજી પ્રજાઓ વચ્ચે માન, પ્રતિષ્ઠા અને રાજવૈભવ પામી છે. હજી પણ આફ્રિકા અને પાસિફિક સમુદ્રના બેટોની શોધખોળ, સહરા ને ગોબીનાં રણોની સફરો, ઉત્તર તથા દક્ષિણ ધ્રુવમાં પહોંચવાના પ્રયત્નો, અને હિમાલયના ગૌરીશંકર શિખર (માઉન્ટ એવરેસ્ટ) ઉપર ચઢવાનાં મથનો માટે જે સાહસો થઈ રહ્યાં છે તે વાંચવા તથા સમજવા જેવાં છે.

અથાણું

બંધાણીઓનો ડાયરો જામ્યો હતો અને તરેહતરેહનાં ગપ્પાં ચાલતાં હતાં. એટલામાં એક જણાએ ગપ્પું ફેંક્યું, 'અલ્યા કાંઈ નવું સાંભળ્યું? કહે છે કે પોરબંદર પાસેના દરીઆમાં આગ લાગી!'

'હેં!' બેચાર જણા સામટા બોલી ઉઠ્યા.


'પણ દરીઆમાં આગ લાગી ત્યારે માછલાંનું શું થયું હશે?' એક જણે પુછ્યું.

ગપ્પું ફેંકનારે જવાબ આપ્યો, 'બધાં યે માછલાં ઝાડે ચડી ગયાં!'

કાઠીઆવાડના ભોળા ગરાશીઆઓ જાત્રાએ જવા નીકળ્યા. જુના જમાનાના પોશાકમાં ગજવાં તો હોય નહિ; એટલે રેલ્વેની ટીકીટો સહુએ પોતપોતાના અંગરખાની કસ સાથે બાંધી હતી. વીરમગામ સ્ટેશને ગાડીને વાર હતી એટલે બધાએ વિચાર કર્યો કે અહીં રોકાઇને કાવાકસુંબા કાઢીએ.

આ સાંભળી પાસે ઉભેલો એક પોર્ટર બોલ્યો, 'એટલી બધી વાર રોકાવાનો વખત નથી. ગાડી ઉપડી જશે.'

એ સાંભળીને એક ગરાશીઓ બોલ્યો, 'તું યે કોઇ મુરખ લાગ છ! ટીકીટો અમારા અંગરખાંની કસે બાંધી છે, ને ગાડી ક્યાંથી જતી રહેશે?'



રાજકુમાર ઉદયરત્ન

સદ્‌ગત પિતાના શોકમાં રાજકુમાર રાતદહાડો ઝુરતો હતો. એની ઉદાસ દ્રષ્ટિ જમીન તરફ ચોંટી રહેતી. એનું થાકેલું હ્રદય ધીમું ચાલતું હતું. વારેઘડીએ એ નીસાસા નાખી રંગમહેલનું વાતાવરણ સ્મશાન જેવું સુમસામ કરતો હતો. સામે જ કોઇ આવીને ઉભું. કુમાર અફસોસમાં ગરકાવ હતો.

'રાજકુમાર.' ધીરો અને માયાળુ સાદ આવ્યો. ઝબકીને જાગી ઉઠ્યો હોય તેમ કુમાર ટટ્ટાર થયો.

'આવડો શોક હવે ન શોભે. રાજા જાય પણ રાજગાદી અમર તપે છે. પ્રજા તમને રાજા તરીકે જોવા તલસે છે. ઉઠો અને શોક છોડી રાજપાટ સંભાળો તથા પ્રજાની રક્ષા કરો.'

'પ્રધાનજી, બાપુ ગયા. સંસારનો બીનઅનુભવી હું શું કરીશ? આજ હું ખરે અનાથ છું.'

'કુમાર, જરા સ્વસ્થ હો. નાહિમ્મત અને નિરાધાર રહેવું નહિ પાલવે. બહાર આવો અને બહાદુર બનો. કુદરતની તાજગીમાં ચાલો અને ઈશ્વરની શ્રદ્ધા ને કૃપા મેળવો.'

મુંગામુંગા તેઓ નગર બહાર આવેલા પર્વતપર ચડ્યા. ખીણોમાં થઇને હારબંધ પગથીઆં ઉંચે જતાં હતાં. વચ્ચે વચ્ચે વીસામા બાંધ્યા હતા. આસપાસ નાનાં ઝરણના ખળખળાટ અને મોટા ધોધના ધ્વનિ સંભળાતા હતા. ઠેઠ ટોચે જુના કાળનો એક કિલ્લો દેખાતો હતો.

'મહારાજનો શોક મુકી તમે ગાદીએ બેસો ને રાજધર્મ સ્વીકારો.' પર્વતનાં પગથીઆં ચડતાં ચડતાં પ્રધાને કુંવરને કહ્યું.

'પ્રધાનજી, આપનો આગ્રહ છે તો મારી ના નથી. આપની સલાહ અને સહાયથી હું રાજતંત્ર ચલાવીશ.'

ધીમેધીમે તેઓ વાતો કરતા ઉપરના કિલ્લા આગળ આવી પહોંચ્યા. પ્રધાને અમુક નીશાની કરી કે તરત જ કિલ્લાના દરવાજામાંથી એક માણસ આગળ આવી નમન કરી ઉભો.

રસ્તો બતાવવાની ઇશારત મળવાથી એ આગળ ચાલ્યો અને પ્રધાન તથા કુમાર ઉદયરત્ન ગુપચુપ તેની પાછળ ગયા. કિલ્લાની આજુબાજુ ઉંડી ખાઈ ખોદેલી હતી. એ ખાઇને કાંઠે તેઓ ઉભા. પેલા માણસે કેડેથી કુંચીઓ કાઢી જમીનમાં જડેલું ગુપ્ત દ્વાર ઉઘાડ્યું. અજગરના મુખ જેવી અંધારી ગુફામાં ઉંચીનીચી પગથી અસ્પષ્ટ હતી. જેમ તેમ બન્ને જણ અંદર ઉતર્યા.

એકાએક કુંવર ભયભીત થયો. એના ચહેરાપરનું તેજ ફીક્કું પડ્યું. તે સામે જુએ છે તો મોટો વિકરાળ સિંહ દેખાયો. જીવ એનો ઉડી ગયો; પગ એના બંધાઈ ગયા. એક પણ ડગલું આગળ ભર્યા વગર એ ચિત્ર માફક ઉભો થઇ રહ્યો.

પ્રધાને કહ્યું, 'રાજ્યાસન સંભાળતાં પહેલાં તમારે આ સિંહ જોડે લડવું જોઇશે. તમારા કુળનો એ રીવાજ છે. હાથમાં ખંજર લઈ આગળ જાઓ અને સિંહને જીતો.'

આ સાંભળી કુમાર થથરી ઉઠ્યો. 'મારાથી એ ન થાય. શું રાજા બનવા માટે જંગલી પશુ સામે લડવા જવું? પ્રધાનજી, બીજો કોઈ ઉપાય નથી?

'ના, બીજો કોઇ જ નહિ.'

'આ બાબત વિચાર કરવા મને થોડી મુદત ન મળે?' થોડી વાર રહી કુંવરે કહ્યું.

'જરૂર'.

પ્રધાન અને કુમાર પાછા વળ્યા. બારણું બંધ કરાવી તેઓ શહેરમાં ગયા. સુરજ આથમ્યો હતો અને નક્ષત્ર ઉગતાં હતાં. રાજકુમાર ઉદયરત્ને આખી રાત વિચાર કર્યા કર્યા. ભવિષ્યની આશાઓ તેને ભાંગી પડતી જણાઈ. સુખી માર્ગમાં આજે કાંટા વેરાતા લાગ્યા અને નજર આગળ સઘળે સિંહ તરવરતા દેખાયા. ખાધાપીધા વિના, કોઈની સાથે વાતચીત કર્યા વિના એ દુઃખી દિવસો કાઢવા લાગ્યો. અંતરની મુંઝવણથી એ મહેલની બહાર પણ નીકળતો નહોતો.

એના મનમાં ઘડભાંગ થવા માંડી. સિંહની સાથે લડવું કે રાજ્ય છોડી નાસી છુટવું એ તેને ન સુઝયું. અંતે તેના બીકણ ચિત્તે ચોક્કસ કર્યું કે લડવા કરતાં નાસી જવું બહેતર છે.

મોટે પરોઢીએ ઉઠી તેણે પોશાક પહેર્યો, અને ઘોડેસવાર થઇ શહેર બહાર નીકળ્યો. છેલ્લી સલામ કરતો હોય તેમ એ બોલ્યોઃ

'કંગાલ નગર! કોણ જાણે છે કે તારામાં કેટકેટલી આફતો ભરી છે! આજે તને છોડું છું. પ્રભુ કરે ને હું કદિ આ આંખે તને પાછું ન જોઉં.'

ત્રણ દિવસની મજલને અંતે તે એક ગામને પાદરે આવી પહોંચ્યો. સામે શીલા ઉપર એક જુવાન વાંસળી વગાડતો હતો અને તેનાથી થોડે દૂર કેટલાંક બકરાં મેઢાં ચરતાં હતાં. ઘોડેસવારનો દમામ જોઈ જુવાન ઉભો થયો અને હાથ જોડી બોલ્યો, 'ભાઇ, આ ગામના પટેલનો હું માણસ છું. આપ ગામમાં પધારો.' રાજકુમાર તેની પાછળ ચાલ્યો. થોડીવારમાં બેઠી બાંધણીના એક ઘર આગળ તેઓ આવ્યા. પેલો જુવાન ઘરમાં ગયો અને પટેલને મહેમાન આવ્યાની વાત કરી. પટેલ પરોણાને લેવા બહાર નીકળ્યો. તેને લાગ્યું કે મહેમાન કોઈ ઉચ્ચ કુળનું સંતાન છે. તેણે આગતાસ્વાગતા કરવામાં બાકી ન રાખી.

જમ્યા બાદ બન્ને જણ બેઠા બેઠા વાતોએ ચડયા. પટેલના પુછવાથી ઉદયરત્ને જણાવ્યું કે હું એક રાજકુંવર છું અને કેટલાંક કારણોથી ઘર છોડી નીકળ્યો છું. મારૂં નામ હું કહીશ નહિ. પ્રારબ્ધ લઈ જશે તે દિશાએ જવું છે. આપને હરકત ન હોય તો મને અહીં રાખો તો હું રહીશ. મારા ગુજરાનનું ખર્ચ તમારે માથે પડવા નહિ દઉં. પટેલે ખુશીથી રાજકુમારની માગણી સ્વીકારી.

પેલો જુવાન તેની તહેનાતમાં રહેવા લાગ્યો. સાંજ પડયે બન્ને બહાર ફરવા ગયા. તેઓ પહાડો અને પાણીના ઝરાઓ પાસે બેઠા. જુવાને બંસી છેડી અને સ્થળનું વાતાવરણ ડોલાવ્યું. આથી ઉદયરત્નનું મન પ્રસન્ન થયું. સિંહના પંજામાંથી છુટયા બદલ તેણે ઇશ્વરનો આભાર માન્યો.

એટલામાં તો જુવાન બંસી બંધ કરી ઉઠયો અને બોલ્યો, 'ભાઈ, ચાલો; જવાનો વખત થયો છે.' રાજકુમારે આશ્ચર્ય પામીને કહ્યું, 'રાત પડવાને તો હજી વાર છે; આવો રમણીય દેખાવ છોડી જતાં મારૂં મન ચાલતું નથી.' જુવાને જણાવ્યું. 'અફસોસ! આ જગ્યાએ સિંહોનો ભો છે. તેમનો બહાર નીકળવાનો વખત થઇ ગયો છે. આપણે વેળાસર આ ઠેકાણું છોડવું જોઇએ.' આ સાંભળી કુમાર ચમકી ઉઠયો. સિંહની બીકે તો રાજપાટ છોડી નાઠો; ત્યાં અહીં પણ સિંહ જ આવ્યા.

આખી રાત તેણે બેચેનીમાં ગાળી. બીજે દહાડે પોહ ફાટતાં ઘોડો સજ્જ કરી કુમારે પટેલને કહ્યું, 'બાપા, રામરામ. મારો વિચાર રહેવાનો હતો, પણ સુખ મારા નશીબમાં નથી.' આટલું કહી પટેલનો જવાબ સાંભળવા ન થોભતાં તેણે ઘોડો દોડાવી મુકયો. આગળ જતાં એક ઉજ્જડ દેશ તેની નજરે પડયો. જ્યાં જુવે ત્યાં વેરાન વેરાન. કોઇ ઠેકાણે ઝાડનું નામ સરખું પણ હાલતું ન હતું. ટેકરાઓ, ખોખડો અને પહાડો ઉપર ચડઉતર કરતાં તે થાકી ગયો. માથે સુરજ પુરજોસમાં તપ્યો. આગળ વધ્યા વગર એને છુટકો નહોતો. ભુખ્યો ને તરસ્યો કુંવર ત્રણ દહાડા ચાલ્યો. એવે ભટકતી જાતોના કેટલાક તંબુઓ તેની નજરે પડયા. તેને આવતો જોઇ કેટલાક હથીઆરબંધ માણસો તેને માનપૂર્વક લેવા આવ્યા. તેઓએ રાજકુમારની લશ્કરી સલામ

લીધી અને પોતાના સરદાર પાસે આવવા અરજ કરી. ઉદયરત્ન એમની સાથે ચાલ્યો.

સરદાર વૃદ્ધ દેખાવનો હતો. તંબુમાં બેસીને તે હુક્કો પીતો હતો. મહેમાનને તે મમતાથી મળ્યો. રાજકુમારે પોતાની ઓળખાણમાં પટેલને આપ્યો હતો તે જ જવાબ આ સરદારને પણ દીધો.

બીજે દહાડે સરદાર રાજકુમારને મૃગયા કરવા તેડી ગયો. તેના હરણના શીકારથી સરદાર અને તેના માણસો ખુશખુશ થઈ ગયા. સરદારે કહ્યું, 'શુરવીર કુમાર, નજીકના જંગલમાં ઘણા સિંહ છે. તમારી બહાદુરી ને ચાલાકી હવે સિંહના શીકારમાં બતાવો.'

ઉદયરત્ન ગભરાયો. સિંહના નામમાત્રથી એ ત્રાસતો હતો. મનમાં ને મનમાં તેણે વિચાર્યું, 'અરેરે! અહીં પણ પાછા સિંહ! સિંહમાંથી છુટીને પાછો સિંહમાં. વિધાતાએ મારી પાછળ સિંહનું ટોળું જ છોડ્યું લાગે છે! ચાલ જીવ, અહીં પણ રહેવામાં કશો જ સાર નથી.'

ઘોડેસ્વાર વગરનો કુમાર ઘોર અરણ્યમાં મુસાફરી કરતો ચાલ્યો. ચાલતાં ચાલતાં એક મોટા શહેરમાં આવ્યો. ત્યાં સુશોભિત એક મહેલની અટારીએ કોઇ સોદાગર અને તેની પુત્રીને બેઠેલાં જોયાં. ભુખ ને થાકને લીધે મુસાફરખાનાની પુછપરછ કરવા એ તેમની આગળ ગયો. સોદાગરે અને દીકરીએ નીચે ઉતરી કુંવરને આદરસત્કાર આપ્યો. થોડો આરામ લઈ કુમારે પહેલાંની જેમ પોતાની ઓળખાણ કરાવી. વધુમાં જણાવ્યું કે 'મારો દહાડો ફરશે અને હું ફરીવાર મારે દેશ જઇશ ત્યારે આપનો ખરા અંતઃકરણથી આભાર માનીશ.'

સોદાગરના આગ્રહથી ઉદયરત્ન ત્યાં જ રહ્યો. સોદાગરે કહ્યું, 'કુમાર, આજ રાત્રે મારા મિત્રોને મીજબાની આપવાની છે તેના કામસર હું જરા બહાર જાઉં છું.' પછી પોતાની પુત્રીને સંબોધીને કહ્યું, 'કમળા, કુમારને બાગમાં ફેરવીને આવ એટલામાં મીજબાનીનો વખત થશે.'

આવડી ઉમર થતાં સુધીમાં ઉદયરત્નને હજી સુધી કોઇ કન્યા સાથે બોલવાનો પ્રસંગ પડ્યો ન હતો. કમળાના વિવેકથી તે અંજાયો, સુંદર અને મજબુત શરીરથી શરમાયો, અને સરળ હૃદય ને નિર્ભય ચિત્ત આગળ છોભીલો પડ્યો. કેટલીક વાતચીત કરી તેઓ મહેલ તરફ વળ્યાં.

સોદાગરનું ભુવન રોશનીમાં તરતું હતું અને મિત્રમંડળ આવવા માંડ્યું હતું. ગાયનવાદન શરૂ થયું. સોદાગરે સૌને રાજકુમારનું ઓળખાણ કરાવ્યું. કમળા મર્યાદા જાળવી એક ખુણે બેઠી. કુમાર વૃદ્ધમંડળમાં આનંદ ન પડવાથી કમળા પાસે જઇ બેઠો ને તેની સાથે વાતે વળગ્યો. એકાએક ઘોઘરો અવાજ તેને કાને પડ્યો. તેણે કમળાને પુછ્યું, 'આ શાનો અવાજ?'

'મેં તો કંઈ સાંભળ્યું નહિ. તમને ભ્રમ થયો હશે.'

'જુઓ, આ ફરીવાર સંભળાયો.'

કમળા હસીને બોલી, 'એ તો અમારો પેલો ચોકીદાર બાહુક છે. કંઇક બેચેન હશે, તે બુમો પાડે છે.'

'કેવો વિચિત્ર માણસ!'

કમળા આ સાંભળી ખડખડાટ હસી પડી.

મીજબાની પુરી થતાં મંડળ વેરાયું. સોદાગર કુમારને તેના સુવાના ઓરડામાં તેડી ગયો. સંગેમરમરની સીડી ચડી ઉપર ગયા ત્યાં એક કાળો સિંહ લાંબો થઇ પડ્યો હતો! રાજકુમાર તેને જોઈ થરથર કાંપવા માંડ્યો. સોદાગરે કહ્યું, 'આ અમારો ચોકીદાર બાહુક છે. એ કોઇને છંછેડતો નથી; પણ એનાથી બ્હીશો તો એ વિકરાળ બનશે. અમસ્તો એ ઇજા નથી કરતો.'

'પણ મને સિંહની તો બહુ જ બીક લાગે છે.' કુમાર ગણગણ્યો.

'તમે ખોટો ભય છોડી દો.'

'એ જ મુશ્કેલ છે. આ ખંડમાં હું સુવાનો નથી.'

ઉદયરત્ન બીજા ખંડમાં સાંકળ વાસી કોચ ઉપર સુતો. તેને ઉંઘ ન આવી. મધરાત થવા આવી તોપણ એના કાનમાં બાહુકની ગર્જના શમી નહોતી. એટલામાં બારણા આગળ કોઇનો ધીમો પગરવ સંભળાયો. તેના કાળજામાં ફાળ પડી. અંતરમાંથી અવાજ ઉઠ્યો, 'બાહુક!' થોડીવાર સઘળું શાન્ત રહ્યું, પણ ફરીથી જાનવર વધારે પાસે આવતું હોય તેવા પગલાં સંભળાયાં. બાહુક બારણા આગળ આવી

ઉભો અને જોરથી એક આંચકો માર્યો. બારણું મજબુત ન હોત તો તુટી પડત. સિંહે ત્રાડ મારી. ભયનો માર્યો ઉદયરત્ન ઉઠયો અને એક ખુણામાં લપાયો. તેનાં રૂંવેરૂંવાં ઉભાં થયાં અને આખું શરીર પરસેવે રેબઝેબ થઇ ગયું. તેને થયું કે આ ઘડીએ એક થાપે બારણું તુટશે અને સિંહ મને ખાઇ જશે. મને કયાં કમતડી ધાઈ કે અહીં રહ્યો? આના કરતાં પટેલનું ગામ કે સરદારનો તંબુ નહિ સારો?

પણ ધીમે ધીમે તેના મનમાં વિચાર આવવા લાગ્યા કે પ્રભુ મારી પાછળ સિંહો જ મોકલે છે. જેનાથી હું બીહું છું તે જ સામે આવી પડે છે. દુનીઆમાં એનાથી ભય પામી હું કયાં અને કેટલો સમય ભરાઈશ? તે જ પળે તેણે નિશ્ચય કર્યો કે સિંહથી ગભરાવાનું કારણ નથી. એકવાર મોત તો આવવાનું જ છે. માટે હું સ્વદેશ જાઉં અને સિંહ સાથે લડી રાજપાટ મેળવું. તે આ વિચાર કરી રહ્યો હતો એવામાં તેને સિંહ પાછો જતો સંભળાયો. બાકીની રાત તે ચિંતા વિના સુઇ રહ્યો.

પ્રભાતે વહેલો ઉઠી તે સોદાગરને મળ્યો. સોદાગરનો દેખાવ આ વખતે કોઇ રાજવંશી ઉમરાવ જેવો હતો. પોતાની ખરી ઓળખ આપતાં ઉદયરત્નની આંખોમાં ઝળઝળીઆં આવ્યાં. તેણે કહ્યું, 'હું મહારાજા અમરસિંહનો પુત્ર ઉદયરત્ન. ઈશ્વરે નિર્માણ કરેલા કામથી બીને હું નાસી આવ્યો છું. મને પુરો પશ્ચાત્તાપ થાય છે. જે કસોટીમાંથી હું છટકી ગયો છું તે હવે પાર કરીશ.'

સોદાગરે જણાવ્યું કે 'હું તમારા પિતાનો જુનો મિત્ર માધવસિંહ છું. રાજમાં ખાનગી ખટપટ ઉઠવાને લીધે હું અહીં આવી વસ્યો છું. પણ તમે જાઓ અને ફતેહ કરો.'

કમળાની રજા લઇને રાજકુમાર નીકળ્યો. રસ્તામાં પેલા સરદારને અને પટેલને મળ્યો. તેમને ખરી ઓળખ આપી અને પોતાના કામમાં સૌની આશિષ મેળવી. પોતાને શહેર પહોંચી તેણે પ્રધાનને ખબર કર્યા અને તરત સિંહ જોડે લડવા જણાવ્યું.

કુમાર અને પ્રધાન પર્વત ઉપર જવા નીકળ્યા. ભયને બદલે આ વેળા એનું અંતર ઉત્સાહથી ઉછળી રહ્યું હતું. બન્ને જણ કિલ્લા આગળ આવી પહોંચ્યા.

કિલ્લામાં ગુફા ઉપરના જાળીઆ આગળ પ્રધાન ઉભો રહ્યો, અને કુમાર ઢાલ તથા કટાર લઇ ગુફાનાં પગથીઆં ઉતરવા લાગ્યો.

સિંહે તેને જોઇ ગર્જના કરી. કુમાર ભોંયરામાં કુદી પડયો. વિકરાળ થઇને સિંહ ફરી ગર્જ્યો. કુમાર ખંજરનો ઘા કરવા જાય છે એવામાં સિંહ ત્રાડ મારી કુમારના માથા પરથી છલંગ મારી બીજી બાજુ કુદી ગયો. સજ્જ થઇને ઉદયરત્ન પાછો ફરે છે ત્યાં તો તેણે સિંહને શાન્ત થઇને પોતાના તરફ આવતો જોયો.

ઉપરના જાળીઆમાંથી પ્રધાને બુમ પાડી કહ્યું, 'બસ કરો, કુમાર; ઉપર આવો. તમે સિંહને જીત્યો છે.'

ઉદયરત્ન ઉપર આવ્યો. પ્રધાને કહ્યું કે એ સિંહ પાળેલો છે. તમારા કુળની રીત છે કે ગાદીએ આવનાર રાજવંશીની આ પ્રમાણે કસોટી કરવી. તમારા શૌર્યની કસોટી અને હિમ્મતની ખાતરી થઇ ચુકી છે; માટે હવે ખુશીથી રાજપાટ સંભાળો.

પર્વત પરથી નીચે ઉતરતાં રાજકુંવરને પટેલ તથા તેનો બંસીવાળો જુવાન નોકર મળ્યા. થોડીવાર થઇ એવામાં પેલો સરદાર પણ આવી પહોંચ્યો. એ સૌ કુમારના મિત્રો બની ગયા હતા; અને કુમારસિંહ જોડેની લડાઇમાં જીતે છે કે નહિ તે જોવા આવ્યા હતા. સૌએ કુંવરને ધન્યવાદ દીધા. એટલામાં માધવસિંહ, કમળા અને તેમનાં માણસો પણ આવ્યાં. માધવસિંહે કુંવરનો જય બોલાવ્યો.

આખું શહેર આનંદકલ્લોલમાં ગાજી ઉઠયું. રાજ્યારોહણનો ઉત્સવ પુરો થયો કે તરત માધવસિંહે સદ્‌ગત મહારાજા અમરસિંહની ઇચ્છા મુજબ કમળાનો હાથ કુમાર ઉદયરત્નને સોંપ્યો.

આ અંકમાં જગ્યા ન રહેવાને લીધે **કિરીટ**ની વાર્તાનો હપતો આપી શકાયો નથી.



: ચીતરવાનું સહેલ છે :

[શક્તિનો ઉપયોગ કરતા રહેવાથી જ શક્તિ ખીલે છે. આંખની જોવાની શક્તિ ને હાથની બનાવી આપવાની શક્તિ જેટલી વપરાશે તેટલું પરિણામ તે જરૂર આપશે. આ વાતમાં શ્રદ્ધા રાખીને જેઓ આ લેખને અનુસરશે તેમને નહિ ધારેલા એવી શક્તિ પોતાનામાં આવતી જણાશે.

આંખ અને હાથની શક્તિ કેળવાય, એટલે તે બન્ને પર મનને અમલ મુકવાની જરૂર પડે છે. મનમાં ઉભાં થતાં કામો હાથ બજાવે તે વેળા આંખ મુકાદમી કરે છે. મન તરફથી થતી આજ્ઞાઓ અનુસાર હાથ અને આંખ કામ આપી ન શકે તો તેમની શક્તિઓ નિરર્થક છે. મનની યોજનાથી હાથ અને આંખની ક્રિયાઓ અર્થવાળી બને છે. કોઈ પણ કામમાં મન પરોવાય નહિ ત્યાં સુધી તે દીપતું નથી.

મનની યોજનામાં હૃદયની લાગણીઓ ભળે તો તેથી થએલું કામ કળા બની જાય છે. સામાન્યમાં સામાન્ય ક્રિયાવડે કરેલું કામ પણ કળાની કોટિમાં ગણાય. કોઇ પણ માણસ સાદામાં સાદી રેખાઓ કે રંગ વડે કળાકૃતિ નીપજાવી શકે છે; પરંતુ તેનામાં તેટલા પુરતી એકાગ્રતા અને સાધારણ આવડત હોવાં જોઇએ.

એવા ગુણો કેળવવાનો આ પ્રથમ પાઠ છે. તે બને તેટલો સરળ અને મનગમતો બનાવવાનો યત્ન થશે; છતાં તદ્દન કંટાળો ધરાવનાર માણસને તો સારાં ફળનો અધિકાર નહિ જ રહે.]

ઘણા જણને રોજની જરૂરથી અને કામના અનુભવથી બે ચીજો સરખે અંતરે ગોઠવતાં આવડતી હોય છે, સાદી સીધી લીટી દોરતાં આવડતી હોય છે અથવા કોઇ પણ જગ્યાનું મધ્યબિન્દુ અટકળે શોધતાં આવડતું હોય છે. આ મેળી તમે આવી જતા હો તો માનો કે ચિત્રકળાને પહેલે પગથીએ તમે ચડી ચુક્યા છો.

જેમને પદાર્થોનું નાનામોટાપણું ઝટ સમજાય છે, જેમને ઉચુંનીચું એકદમ દેખાય છે, અથવા આકારોનાં જુદાં જુદાં માપ કે ઓળખાણ પાકાં થઈ ગયાં હોય છે તેમની આંખની શક્તિ અમુક પ્રમાણમાં બીજા કરતાં વધુ કેળવાએલી હોવી જ જોઇએ.

ટેબલ પર સામાન ગોઠવતી વખતે, ખુરશીઓની હાર માંડતી વેળા કે શેતરંજી પાથરતી વેળા આપણી આંખ, હાથની ભુલ કાઢતી કે બતાવતી રહે છે તેથી જ આપણે સરખી ગોઠવણી કરી શકીએ છીએ. આપણું મન કામની ગોઠવણ કરી આપે છે તે જ કામ આંખની નજર તળે હાથ બજાવી આપે છે. મન, આંખ અને હાથની આ ક્રિયાઓ અભ્યાસથી ખીલવનાર માણસ કારીગર કે કળાકાર થઈ શકે છે.

તમારા હાથમાં આ ક્રિયા કેટલી હદે થઇ શકે છે તે તમારે પ્રથમ જાણવું જોઇએ; અને તેની પરીક્ષા પણ તમે જ કરી શકો. તમારી કોઇ ફુરસદની પાંચ મીનીટનો ઉપયોગ કરી લેવાની તમારી ઇચ્છા હોય તો હું તમને આ ક્રિયા બતાવવા તૈયાર છું.

ફુલ્સકેપ પા કાગળનો એક ટુકડો, સારી પેરી શાહી અને કલમ લો. કાગળને ટેબલ કે જાડા પુંઠા પર ટેકવી હું કહું તેટલા પ્રયોગો કરો.

ઘણા જણની આંખ તો સાધારણ રીતે કેળવાએલી હોય છે, પણ હાથને બરોબર તાલીમ મળેલી હોતી નથી. આ તાલીમ માટે હાથને વારંવાર નીચેના પ્રયોગોમાં જોડતા રહેવું પડશે. તે પ્રયોગો તમને તદ્દન સિદ્ધ થઈ ગએલા ન લાગે ત્યાં સુધી છોડતા નહિ.

આની પાછળના પાનાપર છાપેલી પહેલી તકતીમાં બતાવેલા નંબર પ્રમાણેની આકૃતિઓ નીચે અનુક્રમે જણાવેલી સુચના મુજબ કરતા જાઓ.

(૧) પેન્સિલથી અરધા ઈંચને અંતરે બે આડી લીટીઓ દોરો અને પછી કલમથી ધીમે ધીમે તેની વચ્ચે ઉભી રેખાઓ દોરો. તમારી રેખાઓ ભલે આંકેલી ન દેખાય, પણ સ્વતંત્રપણે દોર્યે જાઓ; અને બને ત્યાં સુધી એ દરેક રેખા વચ્ચેનું અંતર સાચવો. બહુ સહેલી લાગતી આ ક્રિયા કરતી વેળા કંઇક મુશ્કેલ જણાશે; પણ આગ્રહ રાખશો તો તમે આટલું તો જરૂર કરી શકશો.

(૨) કાગળ ઉપર તમારી મરજી પડે તેટલે અંતરે બે બિન્દુઓ મુકો. શરૂઆતમાં બહુ દૂર ન મુકતા. પછી એક બિન્દુમાંથી બીજા બિન્દુ સુધી હાથથી જ કલમ વડે રેખા દોરો.

તમારી કલમની અણી વડે ટપકાં પાડીને પણ એવી ઉભી કે આડી રેખા ઉપજાવો.

આ ઉપરથી તમને સમજાશે કે ધારેલા બિન્દુમાંથી ધારેલી દિશામાં રેખા દોરવાની શકિત તમારામાં છે. માત્ર એક જ વાર નહિ પણ અનેક વાર આ ક્રિયા કરો. તમને જ્યારે જ્યારે ફુરસદ મળે ત્યારે ત્યારે હાથને આટલી તાલીમ તો જરૂર આપો.

(૩) હવે જુઓ કે તમે આ પ્રમાણે જાતજાતનાં મીંડાં, વળાંકા તથા ફુલ કરી શકો છો કે નહિ.

(૪) ત્યાર પછી તમારી કલમથી આવા આડા-અવળા ઝટકા તમે પાડી શકો તો જાણજો કે તમે બહુ જલદી આગળ વધી શકશો.

(૫) પછી જુઓ કે તમે ભૂમિતિની આકૃતિઓ તદ્દન હાથથી જ દોરી શકો છો? કમ્પાસ કે આંકણીથી એ આકૃતિઓને ચોક્કસ ધારોવાળી કરવાની કશી જરૂર નથી. માત્ર તમારા હાથને જ ટેવ પાડો. જાતજાતની કમાનો દોરવામાં ખુબ મહેનત લેજો.


(૬) પોણા પોણા ઇંચને અંતરે બે આડી લીટીઓ દોરી, તેની વચમાં સરખા ચોરસ પડે તેવા ભાગ પાડો; અને તેમાં સામસામા ખુણામાં લીટીઓ નાખો. પછી આકૃતિમાં બતાવ્યા પ્રમાણે બન્ને બાજુ કમાનો દોરો.


આટલું કામ તમારા હાથથી બરાબર થતું લાગે તો બીજા તથા ત્રીજા નંબરની તકતીમાં બતાવ્યા પ્રમાણે ચિત્રો કરવાનો મહાવરો પાડો. દરેક આકૃતિ બે, ત્રણ કે વધારે વાર કરજો.

નોંધઃ પાછળના પાનાપરની પહેલી તક્તીમાં બતાવેલા પ્રયોગો જેટલી વાર બને તેટલી વાર કરોઃ એટલે સુધી કે તક્તી જોયા સિવાય પણ તમે બીજા કાગળ પર એ પ્રયોગો ઝપાટાબંધ કરી શકો. તે પછીના બીજા નંબરની તક્તીના આકારો એટલા સહેલા છે કે એકબે વાર તમે ધ્યાનથી કરશો એટલે તમને યાદ રહી જવાના. તે યાદ થઇ જવાની બાબત જરૂરની છે; અને તમારો પ્રયાસ પણ તે તરફ થવો જોઇએ.


કુમારના ગ્રાહકોને—આ રીતે અભ્યાસ શરૂ કરનારાઓ તેમની મુશ્કેલીઓ જણાવતા રહેશે તો ખુલાસા તથા જવાબ મળશે; તથા તેમના કામપર સુધારા કે સુચના આપવામાં આવશે. જવાબ માટે એક આનાની ટીકીટ બીડવી. —**તંત્રી**




(3)
(4)
(5)



તક્તી ત્રીજી



આ તક્તી જોઇજોઇને તેમાં બતાવેલા ક્રમસર તમે આકૃતિ બાંધતા જશો તો એવા જ અથવા એથી વધુ સારા ચહેરા તમે કાઢી શકશો.

પહેલું સુખ તે જાતે નર્યાં



કસેલા શરીર અને તેજસ્વી ચહેરાનો કોઈ સુંદર નવયુવાન જોઇને આપણું અંતર કેટલું પ્રફુલ્લિત થાય છે! સપ્રમાણ અવયવોવાળું ઘાટીલું શરીર જોઈ આપણને એમ નથી થતું, કે પ્રભુએ સરજેલા સુંદર આત્માના વાસ માટે શરીર પણ એવું જ સુંદર જોઇએ?

આ જમાનામાં ઠેરઠેર નજરે પડતાં મુડદાલ અવયવો ને નિસ્તેજ ચહેરાવાળાં, તથા 'હાથ પગ દોરડી ને પેટ ગાગરડી'વાળાં શરીરો જોઇને આપણને થાય છે કે ભીમ ને અર્જુન, પૃથ્વીરાજ અને પ્રતાપ, સંગ અને શીવાજીનો એ જમાનો ગયો; જ્યારે દેશનો દરેક માણસ સશક્ત ને કસેલા શરીરવાળો હતો એ જમાનો ગયો. અત્યારે એમાંનું કશું નથી.

એનું કારણ શું?

ખોટી રહેણીકરણી; અનિયમિત ને અયોગ્ય ખાનપાન તથા ઉંઘ-આરામ; ગજાઉપરવટની મહેનત; તંદુરસ્તીના એકેએક કુદરતી નિયમનું ઉલ્લંઘન; અને તે ઉપરાંત જુની ઘાતકી રૂઢીઓનાં બંધન તથા તેથી ઉપજતું ડાંભલાપણું.

સરજનહારના સરજેલા આ સુંદર શરીરને વેડફી નાખવાનો આપણને શો હક છે?

ઘાટીલા, કસેલા ને સંપૂર્ણ વિકસેલા અવયવોવાળા કોઇ શરીર પર નજર ફેરવો. તેના એકેએક સ્નાયુનો ઘાટ ને વળાંક કેટલો લાવણ્યવાળો ને સુંદર હોય છે! તેની રગેરગમાં ચેતનનો કેવો થનગનાટ હોય છે! એવા શરીરમાં વસતો આત્મા કેટલો પ્રફુલિત ને પ્રાણવાન હોય છે!

જો જો, એક ભુલ ન થાય. કસરતબાજ પંહેલવાનો ને મલ્લોનાં શરીર એ જુદી વસ્તુ છે; અને સંપૂર્ણ ખીલેલાં, ઘાટીલાં ને કસેલાં અવયવોવાળું તંદુરસ્ત શરીર એ જુદી વસ્તુ છે. દરેકેદરેક પહેલવાન કે મલ્લનું શરીર ઘાટીલું, સપ્રમાણ ને તંદુરસ્ત હોય છે જ એવું કંઈ નથી.

કુસ્તીબાજ પોતાનું શરીર અમુક ઢબથી અમુક અવયવો વડે બળ અજમાવવા માટે કેળવે છે. શરીર-વિકાસ સાધનારો માણસ પોતાના શરીરના એકેએક ભાગને એવી રીતે ખીલવે છે કે તેની રગેરગમાંથી તંદુરસ્તી ફોરી રહે ને રૂંવેરૂંવામાંથી ચેતનના ચમકાર ઉઠે.

૨

ત્યારે સૌથી પહેલી વાત એ છે કે શરીરની તન્દુરસ્તી મેળવવા માટે પ્રથમ મન સ્વચ્છ ને નિર્મળ થવું જોઇએ. ગુસ્સો અને ચીડીઆપણું, દ્વેષ અને ઝેરવેર, લોભ લાલચ અને અભિમાન, તથા લંપટ અને મલિન વિચારો મનમાંથી કાઢી નાખી તેને શુદ્ધ કરવું જોઇએ; અને તેમાં ઉત્સાહ અને આનંદ બાખુબ

ભરી દેવાં જોઇએ.

બીજું એ કે રહેણીકરણીમાં, ખાવાપીવામાં, ઉંઘઆરામ લેવામાં, તથા વિચાર ને આચારમાં—બધે કુદરતના નિયમોનું સંપૂર્ણ પાલન કરવું જોઇએ.

ખરી કકડીને ભુખ લાગ્યા વિના ખવાય જ નહિ; પછી ભલે સામે મિષ્ટાન્નના ગંજ ખડક્યા હોય.

કુદરતી તરશ લાગ્યા વિના કાંઈ પણ પીવાય જ નહિ; સોડા લેમન કે શરબતની ભલે નદીઓ વહેતી હોય.

રાત્રે વહેલા સુઇ પરોઢીએ નિયમિતપણે વહેલા ઉઠો; અને ત્યાં સુધી નીરાંતની મીઠી ઉંઘ લો. મોડી રાતના ઉજાગરા ને પહોર દહાડો ચડતાં સુધીનું ઘારણ એ તંદુરસ્તીનાં દુશ્મન છે.

વાંચવા લખવા કે કામકાજના નિયમિત વખત પ્રમાણે મહેનત કરો; અને વચ્ચે નિયમિત આરામ, ગમ્મત ને વિનોદ લો.

અને વિચાર નિર્મળ કર્યાં એટલે આચાર એની મેળે શુદ્ધ બની જવાના.

તંદુરસ્તીના આ રાજમાર્ગ છે.

૩

માણસે યંત્રો નીપજાવ્યાં તે દહાડાની શારીરિક મહેનત ઓછી થતી ચાલી. એટલે શરીરને પુરતી કસરત મળતી બંધ થઇ. આગળના જમાનામાં જાતમહેનતને લીધે શરીરને કસરત મળ્યા કરતી ને તેનો વિકાસ થતો.

પણ આ જમાનામાં યે આપણે શરીરવિકાસ તો કરવો જ છે. એટલે તેને માટે દરેકેદરેક અવયવ તંદુરસ્ત બને, સંપૂર્ણ રીતે ખીલે અને કસાય એવા ઉપાયો અને કસરતો અજમાવવાં રહ્યાં.

આ જમાનાની નબળાઇ તો જુઓ! ડાહ્યાલાં માણસોનાં નિર્બળ મન, પોતાનું શરીર ખુલ્લું કરતાં, ધોતીઆનો કછોટો મારતાં કે લંગોટ ભીડતાં પણ શરમાઇ મરે છે! પ્રભુના દીધેલા આ સુંદર શરીરને ખુલ્લું મેલવામાં એવાં લાજી મરવાં શાં?

તમારાં બધાં કપડાં કાઢી નાખી, તસતસતો લંગોટ ભીડી, તમે અભિમાનપૂર્વક કહી શકો કે પ્રભુએ જેવું સરજ્યું તેવું આ રહ્યું મારૂં શરીર; અંદરના સુંદર આત્માને વાસ કરવા જેવું સુંદર મન્દિર.

કચ્છ મારી આગળ આવો અને તમારા શરીરનો એકેએક અવયવ તથા સ્નાયુ નીરખીનીરખીને તપાસો. જે ભાગ નબળો હોય તેને કેળવો, ખીલવો ને મજબુત બનાવો.

નિયમિત ખાનપાન ને નિયમિત ઉંઘ, માપકસર મહેનત ને માફકસર આરામ, નિર્મળ આચાર ને નિર્મળ વિચાર વડે તમારા શરીરને તંદુરસ્ત ને ચેતનમય બનાવો. ધરતી પર તમારૂં દૃઢ પગલું પડે ત્યાં રસ્તે જનાર બે ઘડી જોઇ રહે, કે કેવો સુંદર જુવાન છે!



એક સવારે કોઈ ઝાડ હેઠળ ગોકળગાય, કાચબો, શાહમૃગ ને શીકારી કુતરો એટલાં મળ્યાં અને સૌ પોતપોતાનાં બણગાં ફુંકવા લાગ્યાં.

ગોકળગાય—મારે પગ નથી પણ કલાકે દસ વાર હું જઇ શકું છું.

કાચબો—મારા ટુંકડા પગ કઠણ ઢાંકણીમાં ચોંટેલા છે છતાં હું કલાકે આઠસો વાર જાઉં છું.

શીકારી કુતરો—હવે જોઈ તમારી ઝડપ. હું કલાકના ત્રીસ માઈલ દોડનારો છું.

શાહમૃગ—ભાઇઓ અને બ્હેનો, હું સૌથી ચઢી જાઉં તેમ છું. હું કલાકના સાઠ માઈલ કાપું છું!

એટલામાં ઝાડને મથાળેથી એક કીડો બોલી ઉઠયો, 'અરે જાઓ રે, સજ્જનો! તમો બધાં મારી આગળ કુછ બિસાતમાં નહિ. માફ કરજો, પણ મારી ઝડપ કલાકના ૧૦૦ માઈલની છે. જુઓ આ એની સાબીતી.' એમ કહેતાંવાર ઝાડની ટોચ પરથી સૌની વચ્ચોવચ્ચ એણે પડતું મુકયું!

ગિરનારની યાત્રા

ગુજરાતનાં જુદાં જુદાં ગામોમાં સ્થપાએલી વ્યાયામશાળાઓ (અખાડાઓ)નું એક અંગ મુસાફરી પણ છે. શાળાની લાંબી રજાઓમાં અખાડાના છોકરાઓને ગુજરાત કાઠીઆવાડનાં જુદાં જુદાં પ્રખ્યાત સ્થળો, તીર્થધામો તથા કુદરતી મનોહરતાવાળા પ્રદેશોમાં મુસાફરી માટે લઈ જવામાં આવે છે.

આ મુસાફરીઓ લગભગ બધી જ પગે ચાલીને કરવામાં આવે છે, અને તેના લાભ અનેક છે. એથી સ્વાશ્રય, સહનશીલતા અને પરસ્પર બંધુભાવ પ્રેરાય છે; વિદ્યાર્થીઓમાં લશ્કરી સીપાઈના જેવી સહનશક્તિ તથા તાલીમ આવે છે અને તેઓ આજ્ઞાધારક બને છે, તથા એકબીજાને સંકટ સમયે મદદ કરવા સદા તત્પર રહે છે. એ ઉપરાંત પુસ્તકીઆ જ્ઞાનથી રહી જતી અપૂર્ણતા આ મુસાફરીમાં મળતા પ્રત્યક્ષ જ્ઞાનથી પુરાઇ જાય છે. જુદાજુદા સુંદર પ્રદેશો, શહેરો, નદીઓ, પર્વતો અને સ્થળોથી પોતાના દેશની જીવંત માહીતી મળે છે, તેથી તેમનામાં સ્વદેશપ્રેમ જાગે છે. ઐતિહાસિક સ્થળો જોવાથી તેની ભૂગોળનું બરોબર જ્ઞાન મળી જાય છે, એટલે ઇતિહાસ અને ભૂગોળનું એવું તો સુંદર અને જીવંત જ્ઞાન તે મેળવી લે છે કે જીંદગી લગી તે ભુલાતું નથી. ઉપરાંત, દેશની સ્થિતિ, ગામડાંઓનાં જીવન, જુદાજુદા દેશોની રહેણીકરણી, રીત-રીવાજ અને ભાષા વગેરેનું જ્ઞાન મળે, રસ્તામાં પડતી મુશ્કેલીઓથી ધીરજ, ખંત ને હિમ્મત વધે અને અવલોકન કરવાની ટેવ ખીલે, એ ફાયદા તો જુદા. પણ આ બધા લાભ પગે ચાલીને મુસાફરી કરવાથી જ મળે છે એ વાત ભુલાવી ન જોઇએ.

અમદાવાદની સાર્વજનિક વ્યાયામશાળાના વિદ્યાર્થીઓએ કરેલી એવી એક યાત્રાનું, એ યાત્રા કરનાર એક વિદ્યાર્થીનું જ લખેલું વર્ણન આ નીચે આપ્યું છે

૧

મુસાફરીના થોડા દિવસ અગાઉથી અમને અખાડા-માં ખબર મળી ગયા હતા. રસ્તાનો પરિશ્રમ સહન કરી શકે એવા વિદ્યાર્થીઓને જ પસંદ કરવામાં આવ્યા હતા. અમારી ઘણીખરી યાત્રાઓ અમે પગે ચાલીને જ કરીએ છીએ; પણ આ વખતે તો અંતર લાંબું હતું તેથી, તથા રસ્તામાં પણ બીજું કંઈ ખાસ જોવા-જેવું ન હોવાથી અમે આગગાડીનો આશ્રય લીધો.

પહેલાં તો અમદાવાદથી ભરૂચ જઈ, ત્યાંથી દહેજ ચાલતા જઇ, ત્યાંથી વહાણમાં ભાવનગર પહોંચવાનો, અને ત્યાંથી પછી આગગાડીને રસ્તે જુનાગઢ જવાનો વિચાર હતો. પણ પાછળથી ખબર મળ્યા કે એ વખતે દરીઓ બહુ તોફાની હોય છે, એટલે એ વિચાર માંડી વાળ્યો.

નક્કી કરેલે દિવસે, રેલ્વેના કન્સેશન પાસની પણ રાહ ન જોતાં અમે રાત્રે અમદાવાદથી ઉપડ્યા. ગિરનારનું વર્ણન અગાઉ પુસ્તકોમાં વાંચેલું તે ઉપરથી મનમાં કલ્પનાઓ ઘડતા અને સ્વપ્નાં અનુભવતા અમે બીજે દહાડે સવારમાં રાજકોટ આવી પહોંચ્યા. ત્યાંની રાષ્ટ્રીયશાળાના આચાર્યના અત્યંત આગ્રહથી બપોરે ત્યાં જ રોકાયા અને રાજકુમાર કૉલેજ, વૉટસન મ્યુઝીઅમ, સદર વગેરે જોઇ રાત્રે જુનાગઢ જવા નીકળ્યા.

જેતલસરના સ્ટેશને સવાર પડ્યું, અને લાંબા સમયથી નીરખવા ઇચ્છેલા પર્વતરાજ ગિરનારનાં અમને અહીં દૂરથી દર્શન થયાં. પછી તો જેમજેમ ટ્રેન આગળ ચાલતી ગઇ તેમતેમ ઉત્સુકતા વધતી ગઇ: ઘડીમાં દૂરબીનથી જોતા, તો ઘડીમાં નરી આંખે

તેનાં શિખરો ઓળખવા યત્નો કરતા, અને પાસે બેઠેલાને વારંવાર ગિરનાર વિષે પ્રશ્નોની પરંપરા પુછી ગભરાવી નાખતા અમે જુનાગઢ પહોંચ્યા.

સ્ટેશન પર ઉતરતાં જ ત્યાંની ચબરાક પોલીસે ઝીણવટથી અમારી તપાસ કરી. ખાદીનાં કપડાં, બગલથેલીઓ, ખભે ધારીઆં તથા ડાંગો વગેરે વિચિત્ર, સ્વભાવ વિરૂદ્ધ વસ્તુઓથી અમે લોકોના કુતૂહલનો ભોગ થઈ પડ્યા. ગિરનાર ઉપર યાત્રા માટે જઇએ છીએ ત્યાં જંગલમાં રખડવાનું હોવાથી ધારીઆં, ડાંગો વગેરે વસ્તુઓ રક્ષણ માટે લીધેલી છે એ સાદી વાત લગભગ અડધે કલાકે પોલીસ અમલદારના મગજમાં અમે ઉતારી શક્યા; અને છેવટે તેઓ સાહેબે હાલની રાજદ્વારી સ્થિતિ તથા અસહકારની નિષ્ફળતા પર ગોખી રાખેલું એક ટૂંકું પણ અસરકારક ભાષણ કરી અમને જવાની રજા આપી.

ગામમાં જઇ ધર્મશાળામાં મુકામ નાખ્યો, પણ ત્યાં બરોબર સગવડ ન હોવાથી સ્વામીનારાયણના મન્દિરનો આશરો લીધો. આપણાં મન્દિરો જો આવો આશ્રય આપતાં રહે તો અમારા જેવા ટોળાબંધ મુસાફરી કરનારાઓને બહુ સુખ થઇ પડે.

સાંજે ચાર વાગે રાજ્યનો પરવાનો લઈ અમે ઉપરકોટ જોવા ગયા. ઉપરકોટ, શહેરમાં જ એક છેડે ઉંચી મજબુત ટેકરી ઉપર આવેલો રા'ખેંગારના વખતનો જુનો કિલ્લો છે, અને હાલ તો ત્યાં આપણા ગૌરવશીલ ઇતિહાસનાં પ્રાચીન મકાનોનાં ખંડીએરો તથા વાવ કુવા સિવાય કશું નથી.

રા'ખેંગારના પિતા રા'નવઘણે બંધાવેલો નવઘણ કુવો, અડીકડીની વાવ, નીલમ અને માણેક નામની બે જુની ગંજાવર તોપો, રાણકદેવી તથા રા'ખેંગારના મહેલનાં ખંડીએરો, ખાપરા કોડીઆની કહેવાતી ગુફાઓ, તથા ખેંગારના કૃતઘ્ની ભાણેજો દેશળ અને વિશળને સિદ્ધરાજે કિલ્લા ઉપરની જે જગ્યાએથી નીચે ખાઇમાં ધક્કેલી મુક્યા હતા તે જગ્યા—એ બધું જોતાં આપણા પ્રાચીન ઇતિહાસનાં સ્મરણો અમને તાજાં થયાં.

નવઘણ કુવામાં ઠેઠ પાણી સુધી અંદર પહોંચી શકાય તેવો સુરક્ષિત માર્ગ તથા આશરે ૨૫૦ પગથીઆં પાકાં બાંધેલાં છે; અને તેમાંથી બાર કોસ એકીસાથે પાણી ખેંચી શકે તેવું છે. આ જુના અવશેષો સિવાય, અર્વાચીન મકાનો બાંધવા માટે આ પ્રાચીન સ્થાનની શોભા નષ્ટ કરી તેના ખડકમાંથી પત્થરો ખોદી લઇ જવામાં આવે છે તેની ખાણો, તથા જુનાગઢ શહેરને પાણી પુરૂં પાડનારા 'વૉટર વર્ક્સ' ખાતાના મોટા હોજ જોયા એ આ જમાનાની વસ્તુઓ હતી.


ઉપરકોટ પુરો કરી શહેરથી બે માઇલ દૂર આવેલો સક્કરબાગ જોવા ઉપડ્યા. ત્યાંનું નાનકડું મ્યુઝીઅમ જોઈ બાગમાંનાં જનાવરો જોવા ગયા. સિંહ સિવાય અહીં બીજું પ્રાણી નજરે પડ્યું નહિ. કદાચ ગિરનારનાં જંગલમાં ફરતાં વનરાજ સાથે અમારો ભેટો થઈ જાય તો શું કરવું તેનું નિરાકરણ, અમે આ બાગના સિંહને જોઈ કરવા લાગ્યા. નિરખી નીરખીને એના કુટુંબના પ્રત્યેકને જોઇ લીધા, કે જેથી જંગલમાં અચાનક એના કોઇ ભાઇબંધનો ભેટો થાય તો ગભરાઇ ન જવાય અને સભ્યતા જળવાય. અમારી સાથે કેમેરા લીધો હતો, તેથી આ બાગમાંના બે સુંદર દેખાવોના ફોટોગ્રાફ લીધા. પછી ગામમાં થોડું ફરી ઉતારે આવ્યા; અને બીજે દહાડે સવારે ગિરનાર ચડવાનો હોવાથી તેનાં સ્વપ્નાં અનુભવતા સુઇ ગયા.

૨

સવાર પડ્યું કે ઉઠીને ચાલવા જ માંડ્યું. દામોદર કુંડ તથા રેવતી કુંડમાં નહાવા માટે આવતાજતાઓની ધમાલ ચાલુ હતી. આરોગ્યશાસ્ત્રીઓને જેનું દર્શન કરતાં પણ મુર્છા આવે એવા મેલા અને ગંધાતા પાણીથી ભરેલા એ કુંડોમાં આપણા ધર્મઘેલા હિન્દુઓ પાપ ધોઇ નાખી પવિત્ર થતા હતા! ધર્મની અતિશય શ્રદ્ધામાં બહારની ચોકખાઈ ભુલાઇ જતી હતી. અહીંથી નીકળી અમે, શહેરથી ત્રણ માઇલ દૂર આવેલા ગિરિરાજની તળેટીમાં આવી પહોંચ્યા.

તળેટીમાં જૈનોની ધર્મશાળા તથા ખાખી બાવા-

ગિરનારની યાત્રા



ગિરનાર ઉપરથી
નીચેના સપાટ પ્રદેશનો દેખાવ



નેમીનાથ
નાં
જૈન દહેરાં
ગિરનારની પહેલી ટુક



ગિરનાર



રાજકુમાર ઉદયરત્ન]　　વિકરાળ થઇને સિંહ ફરી ગર્જ્યો.　　[પાનું : ૨૨૧

ઓની કુટીઓ આવેલી છે, અને ત્યાંથી જ ઉપર ચડવાનાં પગથીઆં શરૂ થાય છે. ગિરનાર પર ચડવા માટે લગભગ ઠેઠ સુધી પગથીઆં હોવાથી યાત્રાળુને એક રીતે ઘણું સુખ થાય છે.

ચડવા માંડ્યું ને અમને તો જાણે સુંદરતાનો વિશાળ સમુદ્ર નજરે પડ્યો. ચારે તરફની હરીઆળી, ઝાડોની ઘટા ને કુદરતી સૌન્દર્યથી લોભાઈ દરેક જણ છુટા પડી પોતાની મોજમાં આવે તેમ ચાલવા તથા આનંદ લુટવા લાગ્યો. રસ્તામાં ઠેકઠેકાણે ઉભા રહી જુદે જુદે સ્થળેથી જોતાં નીચેની તળેટી નવાં નવાં સ્વરૂપ ધારણ કરતી હોય તેમ લાગતું. રસ્તામાં થોડે થોડે અંતરે થાકેલા યાત્રાળુઓ માથે હાથ દઈ આરામ લેવા બેઠેલા હોય તે અમને સડસડાટ ચડી જતા જોઈ આશ્ચર્ય પામતા. છેવટે પર્વત ઉપરના ઉપરકોટ નામના સ્થળે પહોંચ્યા. અહીં નેમીનાથનાં જૈન મન્દિરો તથા મુસાફરોની સગવડ માટે એક નાનું બજાર અને ધર્મશાળા છે. ત્યાંથી થોડે દૂર ચડતાં ગોમુખી ગંગા નામનું એક સ્થળ આવે છે ત્યાં પાણીનો કુંડ તથા મન્દિરો છે.

ગૌમુખીથી જુદા પડતા સંતદાસ બાવાના આશ્રમને રસ્તે અમે વળ્યા, અને મુકામ આગળ આવતાં તો અત્યાર સુધીના ભેગા થએલા થાકે અમારા પર એક-સામટો હુમલો કર્યો.


સંતદાસ મહારાજ બહુ જ મધુર સ્વભાવના છે અને ત્યાં યાત્રાળુઓને ઉતરવાને માટે દરેક પ્રકારની સગવડ રાખેલી છે. અમે ગયા ત્યારે તો લગભગ બધા જ ઉતારાઓ રોકાઈ ગયા હતા, છતાં બીજા બાવાઓ કરતાં તદ્દન જુદા જ સ્વભાવના એ મહારાજે અમને બે ઓરડા કાઢી આપ્યા. તેમાં અમારો સામાન મુકી કુંડમાં નાહી આવ્યા અને સાથે લાવેલું ભાથું ખાઈ, આગળ વધવાની આતુરતા ન અટકાવી શકવાથી તરત કુચ શરૂ કરી.

આ વેળા તો 'વૉટરબૅગ' સિવાય બીજો કશો જ સામાન અમારી સાથે નહોતો, એટલે ચડવામાં ખુબ આનંદ આવતો હતો. હવે તો અમને પગથીઆંને રસ્તે કંટાળો આપવા લાગ્યો, એટલે તે છોડી દઈ આડરસ્તે ઉતર્યા અને આડાઅવળા પથરાઓ પર હરણની પેઠે કુદતા, ઝાડનાં મુળીઆં પકડી ઉપર ચડતા અમે બમણા વેગથી અને વહેલા અંબાજીની ટુક પર આવી પહોંચ્યા. જગ્યાઓની ઓળખાણ માટે ગિર-નારની જુદી જુદી ટેકરીઓને 'ટુક' એવું નામ આપેલું હોય છે.

ગિરનારની મોટી ને ઉંચી ટુકોમાંની એક અંબા-જીની ટુક છે. અહીં ઉભા રહી નજર ફેરવતાં ચોતરફ બહુ મનોહર દેખાવ જણાય છે. સામે પથરાઈ રહેલી ગિરનારની બીજી ટુકો, બન્ને બાજુની ખીણમાંનાં ગીચ જંગલો, પગની નીચે આવી રહેલો પગથીઆંવાળો સર્પાકાર માર્ગ, અને ઝાડનાં ઝુંડમાંથી ડોકીઆં કરી રહેલું જુનાગઢ! આ ભવ્ય દૃશ્ય જોઇ અમારાં હૈયાં આનંદથી નાચી ઉઠ્યાં. કોઇ વિજયી રાજા પોતે જીતેલા પ્રદેશ ઉપર ગર્વભરી દૃષ્ટિ નાખે તેમ અમે ચોતરફ નજર ફેરવતા ઉભા.

જયકૃષ્ણ સુરાણી

[આ વિષયનો બાકી રહેલો ભાગ આવતા અંકમાં]



અમૃતની કટોરીઓ

કોઇ ધર્માત્માએ કહ્યું છે કે મોટાં મોટાં દાન આપવાં તેમાં જ પરમાર્થ છે એમ નથી; પરંતુ અણીને વખતે દીધેલો પાણીનો એક પ્યાલો પણ લાખો રૂપીઆ કરતાં વધુ ચડીઆતો છે. આપણા વડીલોનું અનુભવ-વચન છે કે 'આંગળી ચીંધ્યાનું પણ પુણ્ય છે.' પરીક્ષાને વખતે કોઇ છોકરો પોતાની પેન્સિલ રસ્તામાં ખોઇ નાખે અને વર્ગમાં હાંફળોફાંફળો થઈ મુંઝાતો હોય, તે ઘડીએ આપણી પેન્સિલના બે કકડા કરીને એક તેને આપીએ, એ પણ ભલી લાગણીનું કામ છે.

મોટા તેજસ્વી દીવાઓ જેમ નાનીશી દીવાસળીની જ્યોતમાંથી અખુટ પ્રકાશ મેળવી લે છે, તેમ મોટાં પરમાર્થનાં કામો પણ આવી નાનકડી વાતમાંથી જ જન્મ પામે છે. આવા પ્રસંગોનો મુળ હેતુ અને છેવટનું પરિણામ હૃદય કેળવવાનું તથા સાચું સુખ નીપજાવવાનું છે.

ચંદ્રવંશી ભરતના કુળમાં રન્તિદેવ કરીને એક દયાળુ અને દાનેશ્વરી રાજા થઇ ગયો. તેના પિતાનું નામ સંસ્કૃતિ. આજે પણ ત્રણ લોક રન્તિદેવનો જય ગાય છે. એ સાવ અકિંચન હતો, તોપણ જે કાંઇ પોતાની પાસે હોય તેનું દાન કરી દેતો. કુટુંબ સુદ્ધાં પોતે કષ્ટ વેઠે પણ જીવ જતાં ય અભ્યાગતને ખાલી હાથે પાછો ન વાળે. અતિથિને તો એ દેવ સ્વરૂપ જ ગણતો.

એક સમે રાજ્યમાં બાર વરસનો દુકાળ પડ્યો. કોઠારમાં સંઘરેલું અનાજ અગીઆર વરસ ચાલ્યું; પણ બારમું દોહેલું થયું. પ્રજા અન્ન વિના તરફડવા માંડી. અન્નજળ વગર આ રાજવી કુટુંબને પણ અડતાળીસ ઉપવાસ પડ્યા. દૈવયોગે ઓગણપચાસમે પ્રભાતે પારણું મળ્યું. સૌ ભોજન લેવા બેસે છે અને

અભ્યાગત અત્યારથી સેહની વાટ જુએ છે વળી;
આપીએ એને આ માંહથી એમ વિચારે છે ચારે મળી.

એવે એક બ્રાહ્મણ અતિથિ ત્યાં આવી ચડ્યો. શ્રદ્ધા અને આદરથી રાજાએ તેને ભોજન કરાવ્યું. અતિથિ ગયા પછી રાજકુટુંબ જમવા બેઠું, તેટલામાં કોઈ શૂદ્ર આવી લાગ્યો. તેને પણ ભાવપૂર્વક ભોજન પીરસી જમાડ્યો. શૂદ્ર સંતોષ પામીને ચાલી ગયાને થોડી વાર ન થઇ ત્યાં કુતરાંનું ટોળું લઇને કોઇક માણસ નીકળ્યો. તેણે રાજાને કહ્યું, 'હું અને આ કુતરાં ભુખ્યાં છીએ, માટે અમને ખાવાનું આપો.' સઘળાં પ્રાણીમાં પ્રભુને જોનાર રન્તિદેવનું હૃદય દયાથી ભરાઇ આવ્યું અને વધેલું અન્ન તેણે સૌ વચ્ચે વહેંચી આપ્યું.

હવે બાકી માત્ર એક જણને થાય તેટલું પાણી રહ્યું. તરશથી ટળવળતો રાજા જેવો જળનો પ્યાલો હોઠે ધરવા જાય છે, તે જ પળે એક ચંડાળ આવી પહોંચ્યો અને બોલી ઉઠ્યો, 'હું કે જે નીચ જાત ચંડાળ છું, તેને હે રાજા ! પાણી આપ.' મરતાં મરતાં પણ રાજા ચંડાળનું રંક વચન સાંભળી ગળગળો થઇ ગયો. મનમાં એણે ભગવાનનું સ્મરણ કર્યું કે 'દેવ, હું કાંઇ વૈભવ કે મોક્ષ નથી માગતો. માગું છું એક આટલું કે સર્વે પ્રાણીઓના ચિત્તમાં પેસીને હું તેમની બધી પીડા ભોગવું કે જેથી કોઇને દુઃખ નામ ન રહે.' મોટા મનવાળા રન્તિદેવે પ્રસન્ન વદને જળપાત્ર પેલા ચંડાળને આપ્યું કે તરત બ્રાહ્મણ અતિથિ, શૂદ્ર, ચંડાળ વગેરેના વેશધારી સ્વર્ગના દેવતાઓ સન્મુખ પ્રગટ થયા અને દાનવીર રાજાને કહ્યું, 'વર માગ, વર માગ.' સમસ્ત જગત પ્રત્યે દયાભાવવાળા ભક્ત રન્તિદેવે કશું ન માગતાં માત્ર પ્રણામ કર્યા.

આના જેવી એક વાત સર ફિલિપ સિડનીની છે. એ ઇંગ્લંડના રાણી ઇલિઝાબેથના વખતનો એક અમીર હતો. તે વિદ્વાન, ગાયક, કુશળ [illegible] લડવૈયો, સારો ઘોડેસવાર અને મોટો મુસાફર હતો. પણ સૌના કરતાં તે સહૃદય ગૃહસ્થ તરીકે વધુ શોભે છે. આ બધા ગુણોને લીધે તે 'રાજ્યરત્ન' કહેવાતો. હાલ

પણ તેના હૃદયની મોટાઇ, ખાનદાની, સદાચાર અને શૌર્ય માટે એ અરસાના પ્રસિદ્ધ પુરુષ તરીકે ઇતિહાસ તેને ઓળખે છે.

એક વાર ઝુટ્ફેનની મોટી લડાઇમાં સિડની સખ્ત રીતે ઘાયલ થયો. તેના બબ્બે ઘોડાઓ દુશ્મનોની ગોળીથી વીંધાયા છતાં તે મર્દાનગીથી લડયો. લડતાં લડતાં જ્યારે શત્રુની ગોળી તેને વાગી, તે પળે એનો વફાદાર ઘોડો લડાઇના મેદાનમાંથી તેને લઇ નાઠો.

જ્યારે એ છાવણીમાં મૃત્યુને બીછાને પડ્યો હતો ત્યારે તેણે પાણીનો છેલ્લો પ્યાલો માગ્યો. તે દિવસે તાપ થોક હતો, અને તરશે સિડનીના પ્રાણ કંઠે આવ્યા હતા. મોટી મુસીબતે લડાઇના એ મેદાનમાંથી ફક્ત એક જ પ્યાલો પાણી મળ્યું. જેવો પ્યાલો ઉપાડી મોંએ માંડવા જાય છે, તે જ ક્ષણે સિડનીએ કોઇએક જખમી થએલા સીપાઇને દયામણી આંખે પોતાના તરફ ટીકતો જોયો. મરતાં મરતાં પણ એનું અમીર દિલ દયાથી દ્રવ્યું. દુઃખ ને દર્દ બધું તે ભુલી ગયો, તરશ વીસરી ગયો અને હસતે ચહેરે પોતાનો ધ્રુજતો હાથ લંબાવી પાણીનો પ્યાલો પેલા સીપાઇને આપતાં તે બોલ્યો, ' ભાઈ, મારા કરતાં તારી જરૂર વધારે છે. '

થોડીવાર પછી સાચું સુખ લેતો હોય તેમ સિડનીએ પ્રાણ છોડયો. આ ભલો ઉદાર વીર તો ગયો; પરંતુ તેનું ઉમદા કામ જગતના ઇતિહાસમાં કદી નહિ ભુંસાય.

આવો જ એક બીજો પ્રસંગ ઑસ્ટ્રિયાનું રાજ્ય સ્થાપનાર ત્યાંના આદિ પુરુષ રૂડૉલ્ફ વિષે પણ છે.

એક વેળા એક ખુનખાર લડાઈમાંથી હાર ખાઇ રૂડૉલ્ફ અને તેનાં માણસો નાસતાં નાસતાં કોઈ આગ વરસાવતી રેતાળ ભૂમિ પર જઇ ચડયાં. સૌ માણસો તરશે તરફડતાં હતાં. આવા સુકાભંઠ પ્રદેશમાં પાણી રત્નના મૂલ્યે પણ મળવું મુશ્કેલ. આખરે બહુ જ શોધ કરી આખરે એક સીપાઇ મહામુસીબતે પાણીનો એક પ્યાલો મેળવી લાવ્યો અને પોતાના સરદારને આપ્યું. પાણી થોડું હતું; તરસ્યા ઘણા હતા.

દુનીઆની નજરે ગણાતી માણસની પદવીમાં ફેર હોય છે; પણ તેમનાં સુખદુઃખમાં ફેર નથી હોતો. ઇશ્વરની નજરે સૌ સરખાં છે; અને કુદરતી ભુખતરસ સૌને લાગે છે. જેટલી તરશ રૂડૉલ્ફને લાગી હતી તેટલી જ તેના સીપાઇઓને પણ લાગી હતી. પોતાના હોદ્દા અને સત્તાના બળે રૂડૉલ્ફ ધારત તો પોતે પાણી પી તરશ છીપાવી શકત. પરંતુ ખાનદાન ખવાસનો એ અશરાફ સરદાર ભારે સખી દિલનો હતો. પાણી ભરેલો પ્યાલો હાથમાં ધરી તે બોલ્યો, ' તમને સૌને મુકીને હું એકલો આ પાણી પી શકું જ નહિ; અને આટલું પાણી સૌને માટે પુરતું પણ નથી. સુખમાં આપણે સૌ સાથે રહ્યા છીએ, ને આ દુઃખમાં પણ સાથે જ રહીશું. મારા માટે માથાં દેનાર મારા વીર સીપાઇઓ પાણી પીશે ત્યારે જ હું પાણી પીશ. ' આમ કરી, મહા મહેનતે મેળવેલો એ પાણીનો પ્યાલો તેણે જમીન પર ઢોળી દીધો.

ત્યાંથી કુચ કરી સૌ થોડે દૂર ગયા તો બધાને પુરતું થઇ રહે તેટલું પાણી મળી આવ્યું.

પોતાને માટે પ્રાણની પણ પરવા ન કરનાર, સુખદુઃખમાં સમભાગી એ સરદારને માટે સીપાઇઓ મરણીઆ થઇ લડયા; અને વિજય મેળવી ઑસ્ટ્રિયાના રાજ્યની સ્થાપના કરી.

મનલાલ મેઘાણી



ભાવના સૃષ્ટિ: લેખક, પ્રો. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી, એમ. એ.; કીંમત, દસ આના.

આ નાના પુસ્તકને જોતાં પહેલાં એના લેખકને ઓળખીએ. એ એક મધુર યુવક છે. કોઇમાં વધુ બુદ્ધિ હોય, કોઇમાં વધુ કલ્પના હોય; પણ ભાઇ વિષ્ણુપ્રસાદમાં બુદ્ધિ અને કલ્પના બન્ને સરસ છે. છતાં કલ્પના-સૌને હોવી જોઇએ તેમ-એમને અતિ વધુ વ્હાલી છે. સ્વપ્નાં એમનાં સંગાથી છે. બાળકો અને બાળકોની રમતો માટે એમને પક્ષપાત છે. એમને પક્ષી બનવું ગમે છે. એ એક ઠેકાણે પુછે છે, 'પ્રભુ પાંખો ક્યારે આપશે?' લેખકને પોતાના મનમાં જ જવાબ મળે છે. 'બુદ્ધિનાં નીર સીંચાઇ હૃદયમાં કવિતા જન્મશે ત્યારે.' ખરે જ, ભાઇ 'પ્રેરિત'ના હૃદયમાં કવિતા જન્મી છે.

કોઈની વસ્તુ લઇ ભોગવવાની ઇચ્છા થાય તેને વાસના કહીએ. કોઇનું કલ્યાણ થાય એવી મનની વૃત્તિ અને તેને ભાવના કહીએ. આ પુસ્તકમાં લેખકની 'ભાવના સૃષ્ટિ' છે.

પુસ્તકના કથાપ્રસંગો નાના છે છતાં તેઓમાં 'થોડામાં ઘણું' સમાયું છે. એકેએક વાક્ય, એકેએક વિચાર ઉંચો છે. વાંચતાં વાંચતાં ભાષાની મીઠાશ અને ભાવોનો સ્વાદ લેવાં હોય તો તમારે થોડુંક થોભવું જોઇશે.

મને કોઇ પુછે કે તમે કેવી ચોપડી ખરીદો અને વાંચો, તો હું કહું કે 'ભાવના સૃષ્ટિ' જેવી. સ્વપ્નાં અને કલ્પના પણ સુંદર અને સાચાં હોય છે; અને એ સૌ આમાં અનેક મળી આવે છે.

ભાષા અને ભાવો ઉપરથી ભાઇ 'પ્રેરિત' સાક્ષર-કવિ નરસિંહરાવના ભક્ત લાગે છે.

મોટાં બીબાંની સ્વચ્છ છપાઇ, નાજુક પુઠું, સારો દેખાવ વગેરે પ્રકાશક યુગાન્તર કાર્યાલયને આભારી છે. શ્રી. રાવળનું દોરેલું મુખચિત્ર આખા પુસ્તકના પ્રતિનિધિ જેવું શોભે છે.

રાજારાણી: અનુવાદક, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, સૌરાષ્ટ્ર કાર્યાલય રાણપુર; કીંમત, [illegible] આના.

'કુમાર'ના ગયા અંકમાં અમે ભાઇ ઝવેરચંદ મેઘાણીની ઓળખ કરાવી છે તે યાદ હશે. હવે આ રાજારાણી વાંચો એટલે અમારૂં કથન કેટલું સાચું છે તે જણાશે.

સારૂં નાટક વાંચવું કોને ન ગમે? અને તે પણ રવીન્દ્રનાથનું? ભાઇ ઝવેરચંદે એનો બંગાળી ભાષામાંથી અનુવાદ કર્યો છે. કાઠીઆવાડી હવાપાણીમાં ઝબોળાઈ આ અનુવાદ તાજો અને તંદુરસ્ત થયો જણાય છે. અમને તો તે મુળ નાટક જેવો લાગ્યો છે.

બીજી ભાષાઓમાંથી આવા સરસ અનુવાદો વાંચવા મળે તો કેવું છારૂં?

નાટકો જોવાં અને વાંચવાં એ બેમાં ફેર છે. નાટક જોવામાં તો તમારી આગળ સઘળા દેખાવો, પાત્રો અને હાવભાવો રજુ કરવામાં આવે. નાટકો વાંચવામાં સઘળો ચીતાર તમારે કલ્પનાથી ખડો કરવો પડે.

રવીન્દ્રનાથની કલ્પના અજબ છે. વાર્તા, નાટક, કાવ્ય કે નિબંધ—સૌમાં જ્યારે જોઇએ ત્યારે એમની કલ્પનાની કોયલ ટહુકતી જ હોય.

હિન્દુજીવનમાં હાસ્યરસ બહુ ઓછો છે. મીઠી મશ્કરી તે હાસ્યરસ નથી. જેનાથી કોઇની લાગણી ન દુભાય અને સૌને આનંદ મળે તે જ ખરો હાસ્યરસ કહેવાય. રવીન્દ્રનાથનો હાસ્યરસ એવો નિર્દોષ ને મજાનો છે.

વફાદાર ઘરડો ચાકર શંકર, ટીખળખોર દેવદત્ત, દુનીઆદારીમાં રચીપચી તેની સ્ત્રી નારાયણી, ખરા પ્રેમનાં જાણકાર રાણી સુમિત્રા, કુમાર અને ઇલા—એકેએક પાત્ર આકર્ષક છે.

રાજા વિક્રમદેવ ખોટા પ્રેમનો પુજારી છે. એ એમ માને છે કે સ્ત્રીના પ્રેમમાં જગતનો પ્રેમ આવી જાય છે. રાણી સુમિત્રા તેની આ ભુલ ભાંગે છે, અને ક્ષત્રિય થઇ રાજ્યની સેવા કરવામાં સાચો સ્નેહ છે એમ સમજાવે છે. બુઢ્ઢો ત્રિવેદી પંડિતાઇનો ડોળ કરી બોલવામાં મોટા પણ ખોટા સંસ્કૃત શબ્દો વાપરે છે. 'હે...એ હરિ' એ એનો જપમંત્ર છે.

આપણે ત્યાં 'સુખી છેવટ' વાળાં નાટકો લખાતાં ને ભજવાતાં; પણ આ નાટકનો અંત દુઃખમાં આવે છે.

રવિબાબુના સાદા લખાણમાં એક ખુબી એ છે કે સઘળાં વાંચનાર પોતાને મનપસંદ રસ ચાખી શકે છે. કાઠીઆવાડી ગુજરાતીમાં જે પ્રાણ ભર્યો છે તે ભાઈ ઝવેરચંદ પોતાની ભાષામાં ભરપુર બતાવે છે. પ્રાણવાન ભાષામાં લખાએલું આ રસભર્યું નાટક વાંચવાની અમારી ભલામણ છે. પુસ્તકના પ્રમાણમાં કીંમત બહુ ભારે ન કહેવાય.

વીર-કથાઃ લેખક, વસનજી રણછોડજી નાયક; વાડી ફળીઉં સુરત. કીંમત, પાંચ આના.

ગુજરાતનો પ્રેમ નબળો છે. ખરા પ્રેમમાં શૌર્ય હોય જ. કવિ નર્મદની ભૂમિમાં પ્રેમ-શૌર્ય શુદ્ધ સ્વરૂપમાં જોઇએ. માટે આ વીર-કથા આદરપાત્ર છે.

કથાઓનો મોટો ભાગ મેવાડ મહારાષ્ટ્રનાં વીર સ્ત્રીપુરૂષોનો છે. રજપુતાનામાં એક દિવસ સ્વતંત્ર રાજપુત સત્તાનો ધ્વજ ફરકતો. મરાઠી સામ્રાજ્યની સારા હિન્દુસ્તાનમાં આણ વર્તતી. પરંતુ ગુજરાતને ભાગ્યે હજુયે સુબાઓનો અમલ ચાલે છે. ઉછરતી પ્રજામાં વીર્યવૃત્તિ, સાહસિક જુસ્સો અને મર્દાનગી કેળવવાનાં સાધનો અને તેમની તાલીમ અતિ જરૂરી છે.

ઐતિહાસિક પ્રસંગોની ચુંટણી સારી અને અસરકારક છે. ભાષા વીરરસને ઠીક અનુકૂળ છે; પરંતુ ક્યારેક વાક્યો અને ભાવો ખાલીખાલી લાગે છે. કાવ્યોની ચુંટણી ,સામાન્ય છે. તેમાં ઉંચો કાવ્યભાવ તો જરા પણ નથી.

વીર-કથાનું વાંચન ઈતિહાસની માહીતી અને શૌર્યની દૃષ્ટિ અવશ્ય આપશે. પ્રમાણમાં કીંમત જુજ છે.

સ્વીકાર

અધ્યાત્મતત્ત્વાલોકઃ રચયિતા, મુનિ શ્રી ન્યાયવિજયજી. પ્રકાશક, અભયચંદ્ર ભગવાનદાસ ગાંધી, ભાવનગર.

ન્યાયકુસુમાઞ્જલિઃ કર્તાઃ મુનિ શ્રી ન્યાયવિજયજી. પ્રકાશક, પંડિત વાડીલાલ ડાહ્યાભાઈ, જૈન સરસ્વતી ભવન, મદનગોપાલની હવેલી, અમદાવાદ.

જૈનદર્શનઃ લેખક મુનિ શ્રી ન્યાયવિજયજી. પ્રકાશક, ગણપત શાસ્ત્રી, નાગપુર.

સન્દેશઃ લેખક તથા પ્રકાશક ઉપર પ્રમાણે.

ધર્મગીતાંજલિઃ રચયિતા, મુનિ શ્રી ન્યાયવિજયજી. પ્રકાશક, શ્રી જૈન શ્વેતાંબર આનન્દવર્ધક મંડલ, ઉજ્જૈન.:

એમ કેમ

ઘરની ચારે દીવાલો એકીસાથે શા માટે બાંધવામાં આવે છે?

કોઇ ઘર બંધાતું હોય ત્યાં ઘણાએ જોયું હશે કે તેની ભીંતો એક પછી એક ન બાંધતાં ચારે દીવાલો ચોતરફથી એકીસાથે બાંધતા જાય છે. આમ કરવાનું કારણ એ હોય છે કે તેથી ઘરના પાયા ઉપર ચારે તરફથી સરખું દબાણ રહેતું આવે અને ભીંતો એકસરખી ચણાતી આવે. નહિતર જો એક પછી એક ભીંતો ચણવામાં આવે તો ભીંતોમાં ચીરાડા પડે. કોઈ ભીંત નમી પડે. તો કોઇ તદ્દન નીચે પણ બેસી જાય. પાયા ઉપર ઘરનું જેટલું વજન આવવાનું હોય, તેના પ્રમાણમાં ગણત્રી કરીને જ ચણતર ચોકસ કરવામાં આવે છે. ઘર જેટલું મોટું તેટલું તેનું દબાણ વધારે; એટલે તેના પાયા પણ તે જ પ્રમાણમાં ઉંડા અને ચણતર એકધારૂં કરવામાં આવે.




આકાશદર્શન દૃષ્ટિ ચોથી

હસ્ત, ચિત્રા, સ્વાતિ અને શનિ.

જેઠ વદી અમાસ (તા. ૭જી જુલાઇ); સૂર્યોદય ૫. ક. ૪૮ મી. સૂર્યાસ્ત ૭ ક. ૨૮ મી.

ત્રીજા અંકમાં આપણે સપ્તર્ષિનું ઓળખાણ કર્યું હતું. સપ્તર્ષિના છેલ્લા (મરીચિ તરફના) ચાર તારાઓથી જે વક્રાકાર થાય છે તેના વાંકને મરીચિની દિશામાં લંબાવશો, તો તે લંબાવેલો વળાંક 'સ્વાતિ'માં થઇને જશે. (જુઓ સાથેની આકૃતિ.) સ્વાતિ બહુ ચળકતો તારો છે અને તેની આસપાસ તેટલો ચળકતો તારો બીજો કોઇ નથી. તેનો ઉદય દિવસના હોવાથી દેખાશે નહિ, પણ યામ્યોત્તર રાતના ૮ ક. ૧૦ મીનીટે અને અસ્ત રાતના ૧ ક. ૨૭ મીનીટે જોઇ શકાશે. અસ્ત સમયે તે પશ્ચિમ અને વાયવ્ય વચ્ચેના ભાગમાં માલુમ પડશે, પણ યામ્યોત્તર વખતે તે ખ સ્વસ્તિક (આપણા માથા ઉપર આવેલું આકાશનું બિંદુ) કરતાં થોડેક દક્ષિણ તરફ લટકતો દેખાશે.



સપ્તર્ષિના સ્વાતિ સુધી લંબાવેલો વક્રાકાર તે ને તે દિશામાં આગળ ન વધારતાં, આ સાથેના નકશામાં બતાવ્યા પ્રમાણે સ્વાતિ આગળ સ્હેજ ખુણો બનાવી આગળ વધારીએ તો તે 'ચિત્રા'માં થઇને જશે.

હાલમાં શનિ ચિત્રાની પાસે છે અને તે ચિત્રાના જેટલો જ ચળકતો છે; તેથી તેઓને એકબીજાને બદલે ભુલી ન જવાય તે ધ્યાનમાં રાખવું. બેમાં શનિ રતાશ પડતો છે. પૂર્વ તરફનો તે શનિ અને પશ્ચિમ તરફનો તે ચિત્રા. તેઓ પશ્ચિમ દિશા તરફ હોય ત્યારે ઉપરનો તે શનિ અને નીચેનો તે ચિત્રા. સ્થિર તેજે પ્રકાશે તે શનિ અને પલક પલક થાય તે ચિત્રા. ચિત્રા અને શનિ એટલી જગ્યામાં સૌથી વધારે ચળકતા છે, પણ તેઓ સ્વાતિ કરતાં સ્હેજ ઓછા તેજસ્વી છે. તેમનાં ઉદય અને યામ્યોત્તર દિવસે થવાથી દેખાશે નહિ. ચિત્રાનો અસ્ત રાતના ૧ ક. ૧ મીનીટે અને શનિનો ૧ ક. ૧૧ મીનીટે થશે. આથમતી વખતે તેઓ પશ્ચિમ અને નૈર્ઋત્યની વચ્ચેના ભાગમાં દેખાશે.

શનિ અને ચિત્રાને સીધી લીટીથી જોડી તે લીટીને ચિત્રાની દિશામાં લંબાવીએ તો તે પાંચ તારાના એક ઝુમખામાં થઇને જશે. આ ઝુમખાને 'હસ્ત' કહે છે, હસ્ત એટલે હાથ. આ ઝુમખાના પાંચ તારા તે હાથની પાંચ આંગળીઓનાં ટેરવાં છે. આ પાંચ તારાઓમાંથી એક તારો બીજા ચાર તારાઓથી સ્હેજ વિખુટો પડેલો છે; અને બાકીના ચાર તારાઓમાં સૌથી પશ્ચિમ તરફનો તારો પાંચેમાં સૌથી ઝાંખો છે. હસ્તનો અસ્ત રાતના ૧૧ ક. ૨૩ મીનીટથી ૧૧ ક. ૪૮ મીનીટ સુધીનો છે. આથમતી વખતે તે પશ્ચિમ અને નૈર્ઋત્ય વચ્ચેના ભાગમાં દેખાશે.

શનિના સ્થિર તેજ પરથી તમે જાણ્યું હશે કે તે શુક્ર, ગુરુ અને મંગળની પેઠે ગ્રહ છે. તે પાસેના તારાઓમાં થઇને ફરે છે કે નહિ તે તપાસતા રહો.

એક અનિવાર્ય સંજોગને લીધે ગયા માસમાં વૃશ્ચિક, ગુરુ અને મંગળનો નકશો આપી શકાયો ન હતો. જેઓ નકશા વગર આ તારાઓને ઓળખી શક્યા ન હોય તેમને માટે આ સાથે નકશો આપ્યો છે.



નકશો જેઠની અમાસને માટે છે, પણ ગુરુ અને મંગળ સિવાય તે વૈશાખની અમાસને પણ લાગુ પડે છે. તેથી આ નકશાની સાથે વૈશાખનો લેખ વાંચી શકશો; માત્ર તેમાં નીચે પ્રમાણે ફેરફાર કરવો.

વૈશાખની અમાસે ગુરુ મુળની ઉત્તરે હતો, પણ હવે તે જ્યેષ્ઠાની ઉત્તરે આવ્યો છે; તેમજ અનુરાધા અને ગુરુના અંતર કરતાં ગુરુ અને મંગળનું અંતર લગભગ પાંચ ગણું હતું તે હવે લગભગ છ ગણું થયું છે. તારાઓના ઉદય વગેરે સમયોમાં પણ નીચે પ્રમાણે ફેરફાર થયો છે.

વૃશ્ચિકઃ ઉદય દિવસના; યામ્યોત્તર ૮-૪૪ થી ૧૧-૩૫; અસ્ત ૨-૧૮ થી ૪-૧૩.

પારિજાતઃ યામ્યોત્તર ૧૦-૨૨; અસ્ત ૩-૬૫.

ગુરુઃ ઉદય દિવસના; યામ્યોત્તર ૧૦-૩૫; અસ્ત ૪-૧

મંગળઃ ઉદય ૧૦-૪૯; યામ્યોત્તર ૪-૨૧; અસ્ત દિવસના.

હરિહર ભટ્ટ

સુધારો

'કુમાર'ના પાંચમા અંકમાં ૧૯૪ મે પાને બીજા કૉલમમાં બીજા પૅરેગ્રાફની નવમી લીટીમાં "મંગળ અને ગુરુના ઉદયસમયો અનુક્રમે......" એ પ્રમાણે છપાયું છે; તેને બદલે "ગુરુ અને મંગળના ઉદયસમયો અનુક્રમે......" એ પ્રમાણે જોઇએ.

અથાણું

દુકાનદારઃ શું જોઇએ સાહેબ?

ઘરાકઃ ઉંચી જાતની એકાદ સારી ટોપી જોઇયે.

દુકાનદારે એક ટોપી બતાવી.

ઘરાકઃ આની કીંમત?

દુકાનદારઃ સત્તર રૂપીઆ.

ઘરાકે ટોપીને આમતેમ ઉથલાવીને ધ્યાનથી જોવા માંડી.

દુકાનદારઃ કેમ, શું જુઓ છો સાહેબ?

ઘરાકઃ આમાં કાણાં કેમ નથી?

દુકાનદારઃ કાણાં શેનાં વળી?

ઘરાકઃ કેમ? જે ગધેડો સત્તર રૂપીઆ આપીને આ ટોપી ખરીદવાનો, તેના બે કાન બહાર નીકળવાને ટોપીમાં બે કાણાં જોઇએ ને?

•

રમાઃ દાદાજી, લોકોને હવે મોટાં માણસો યાદ રહેતાં લાગતાં નથી.

દાદાઃ એમ કેમ બહેન?

રમાઃ એ તો હું મુંબાઇ ગઈ હતી ત્યારે ઠેર ઠેર મોટાં માણસોનાં બાવલાં ઉભાં કરેલાં દેખાય. એ યાદ ન રહે ત્યારે જ બાવલાં ઉભાં કરવા પડે ને?



માધુકરી

૨૧. આશુતોષ મુકરજી

કલકત્તા યુનીવર્સીટીના વાઇસ ચૅન્સેલર (કુલનાયક) અને હિન્દુસ્તાનના એક સમર્થ કેળવણીકાર સર આશુતોષ મુકરજીનું ગઇ તા. ૨૫ મીએ અવસાન થયું છે.

આશુતોષ મુકરજીનો જન્મ ૧૮૬૪ના જુનની ૨૯ મી તારીખે કલકત્તાના ભવાનીપુર પરામાં થયો હતો. ત્યાં એમના પિતા ગંગાપ્રસાદ મુકરજીનું ખાનગી દવાખાનું હતું. આશુતોષ પિતાને અત્યંત પ્રેમથી ચાહતા. યુવાન પુત્રના સંસ્કાર અને સદ્ગુણ તેના પિતાએ આપેલી કેળવણીનાં સુફળ હતાં. બાર વરસની વયથી તેમને જ્ઞાન મેળવવાની તાલાવેલી લાગેલી અને, તે જીવનપર્યંત રહી.

નાનપણથી એ નબળા બાંધાના અને માંદા જેવા હતા. પાઠશાળાની પહેલી પરીક્ષામાં ખુબ મહેનતને લીધે એમનું આરોગ્ય લથડ્યું અને પરીક્ષામાં સારૂં પરિણામ ન આવ્યું. આશુતોષને આથી લાગી ગયું કે નિર્બળ શરીર હોવાને લીધે મોટાં નુકસાનો વેઠવાં પડે છે. પછીથી એમણે નીરોગી રહેવાના પ્રયત્નો કર્યાં. દરરોજ સવારે તે ફરવા જવા લાગ્યા. અંતે તેમણે પોતાનું શરીર કસીને કામ કરવાની શક્તિ વધારી.

નાના આશુતોષ ઉપર સરસ્વતી માતાનો હાથ હતો. વિવિધ જ્ઞાનની રૂચિ ઉપરાંત તેને ગણિતશાસ્ત્રનો શોખ હતો. કહેવાય છે કે અભ્યાસમાં ચાલતા બર્નાર્ડ સ્મિથના અંકગણિતમાં પણ તેમણે કેટલીક ભુલો કાઢી. આ ભુલો તેમણે પુસ્તકના પ્રકાશકને લખી મોકલી. લેખકે તે સઘળી સ્વીકારી અને આભારના બદલામાં આશુતોષને સુંદર પુસ્તકો ભેટ મોકલ્યાં. અભ્યાસ દરમ્યાન એ કેટલા યે કઠણ દાખલાઓ ગણીને અંગ્રેજી માસિકોમાં છાપવા મોકલતા. પંડિત શિવનાથ શાસ્ત્રી એમના એક વારના ગુરુ હતા.

ધનિક માબાપના પુત્ર હોવા છતાં એમણે મુદલ મોજ-શોખ કે રંગરાગ માણ્યો નથી. શ્રીમંત બંગાળીઓ ખભે ચાદર નાખે છે. આશુતોષ પોતાની જુવાનીમાં પણ ખભે ચાદર ઓઢી ચાલતા નહિં; તેથી મજાકમાં સૌ તેમને 'ચાદર નિવારિણી સભાના પ્રમુખ' કહી બોલાવતા. એમનું જીવન જેટલું સાદું તેટલું જ ઉંચું હતું.

બી. એ. અને એમ. એ. ની પરીક્ષાઓમાં પહેલા આવીને તેમણે આઠ હજાર રૂપીઆનું ઈનામ તથા સોનાનો ચાંદ મેળવ્યાં. ૨૪ વરસની ઉમરે તો એ એમ. એ. ના પરીક્ષક નીમાયા ! પરંતુ પરીક્ષાઓની વાહવાહ કંઇ ખરી મોટાઇનું ચિહ્ન નથી. એમણે કેળવણીના પ્રકાર અને પ્રશ્નો બારીક બુદ્ધિથી વિચાર્યા અને યુનીવર્સીટીના અભ્યાસક્રમોમાં માતૃભાષા બંગાળી દાખલ કરાવવા મહામંથન કર્યું. આશુતોષ દોષોની ટીકાઓ કરતા તો સુધારાની સુચનાઓ પણ સાથેલાગી આપતા. યુનીવર્સીટીને એમણે કહ્યું કે તમારે પ્રજાના મુખીઓ એટલે વિદ્વાન તેમજ કામદાર પણ થવાનું છે. પરીક્ષાઓ વિષે તેમણે લખ્યું કે પરીક્ષાની આ પદ્ધતિ પ્રજાના અંતરનું સાચું હીર બાળી નાખે છે.



સ્વ. આશુતોષ મુકરજી

હવે એમણે વકીલ થઈ સ્વતંત્ર જીવન ગાળવા નિશ્ચય કર્યો. કાયદાનો અભ્યાસ આદરીને આશુતોષે સર રાશ બિહારી ઘોષ જોડે વકીલાતનો વ્યવહારૂ અનુભવ લીધો. મોટા વકીલ તરીકે સારી નામના કાઢી છેવટે એ વડા ન્યાયાધીશ નીમાયા. આ બન્નેમાં એમને અથાગ શ્રમ લેવો પડેલો.

રાજ્યપ્રકરણી બાબતોમાં એ પહેલેથી જ ન પડયા. સરકારી અદાલતના અમલદાર હોઇ એ પોતાના વિચારો છુટથી પ્રગટ કરી ન શકતા. તોપણ સ્વતંત્રતા અને સ્વમાન એમને પ્રિય હતાં. કેળવણીની બાબતોમાં એ સરકારને ચોકખું સંભળાવતા. સરકારી શાળા પાઠશાળાઓ છોડી દેવાની રાષ્ટ્રીય ચળવળ એમને રૂચિકર નહોતી.

કલકત્તા યુનીવર્સીટીનો ઇતિહાસ અને સર આશુતોષની જીવનકથા એ જુદાં નથી. પોતાની બુદ્ધિ અને શક્તિ તેમણે યુનીવર્સીટીને અર્પણ કર્યા. એ કહેતા કે મેં મારા અભ્યાસના, કુટુંબના અને મિત્રોના આનંદોનો ભોગ યુનીવર્સીટીને ધરાવ્યો છે. યુનીવર્સીટીને તેમણે પરીક્ષાના મંડપના રૂપમાંથી ફેરવીને વિદ્યાના મન્દિરનું સ્વરૂપ આપ્યું. આઠ વરસ સુધી તેમણે વાઇસ ચૅન્સેલર (કુલનાયક) નો હોદ્દો ભોગવ્યો. તેમનું એકેએક ભાષણ વિદ્વત્તા અને ખરી લાગણીથી ભરપુર છે. તેમાં એમણે દેશના જુવાનો માટે સરસ શીખામણો સંઘરી છે. અનેક કુલપતિઓ અને કુલનાયકો જશે ને આવશે, પણ આશુતોષ મુકરજીનું સ્થાન કલકત્તા યુનીવર્સીટીમાં હંમેશને માટે હશે. એ કલકત્તા યુનીવર્સીટીના 'સમ્રાટ્' કહેવાય તે યોગ્ય છે.

આશુતોષ એટલી તો ભિન્નભિન્ન પ્રવૃત્તિમાં પડેલા હતા કે તે આપણને એક નહિ પણ અનેક લાગે. તે એશીઆટિક સોસાઈટીના, કલકત્તા મ્યુઝીઅમના અને બંગીય સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ થયા હતા. કેટલોક વખત એ મ્યુનિસીપાલીટીના તેમજ પ્રાન્તિક અને શાહી ધારાસભાના સભ્ય હતા; સંસ્કૃત ભાષાના પરીક્ષક મંડળના અને મહાબોધિ સોસાઇટીના પ્રમુખ હતા. બંગાળાની 'મેથેમેટિકલ સોસાઈટી'ના સ્થાપનાર તે જ હતા. આ સૌ દિશામાં તે ખરું કામ કરનાર હતા.

બંગાળામાં આશુતોષ નામના ઘણા મળી આવે, આશુતોષ મુકરજી નામના પણ કેટલાક જડે; પરંતુ જ્યારે કોઈ આશુબાબુની વાત કરતા હોય ત્યારે તો આપણા આશુતોષ જ સમજવા. આર્ય પ્રજાની જુની સંસ્કૃતિના એ મોટા પક્ષકાર હતા. તેમને પોતાની અને પોતાના દેશબાંધવોની શક્તિમાં વિશ્વાસ હતો. બહારના જીવનમાં કડક જણાતા આશુબાબુ ખાનગી જીવનમાં અત્યંત માયાળુ હતા. નાનો સરખો વિદ્યાર્થી પણ તેમને મળી શકતો. મળવા આવનારની વાત એ ધ્યાન દઇને સાંભળતા; અને 'હું જોઈશ' એમ કહી કાઢી ન મુકતાં પોતે તેને માટે બની શકે તેટલું કરી છુટતા.

હોજરીના રોગથી તે પટણામાં મે મહીનાની ૨૫ મીની સાંજે સ્વર્ગસ્થ થયા. પ્રભુ એમના આત્માને શાન્તિ આપો.

ગરીબનો બેલી જૉન પાઉન્ડ્ઝ

એનો જન્મ ઇ. સ. ૧૭૬૬માં થયો. એ પોર્ટ્સ્મથનો ગરીબ મોચી હતો. જીંદગીનાં વીસ વરસ તેણે ગરીબ છોકરાઓને કેળવવામાં ગાળ્યાં. શહેરના દરેક રખડુને એ સંઘરતો ને શીખવતો. જૉન કહેતો કે 'ખરાબમાં ખરાબ છોકરાઓ મને સોંપો. કોઈને ન જોઇએ તે મારે જોઇએ.'

જૉનમાં એવી તો કાંઈક મોહીની હતી કે મધમાખોની માફક ભાગેડુઓનું ટોળું એની આસપાસ ભમતું. એના કુદરતી પ્રેમે સૌ કોઈ ખેંચાતા. નીતિ અને ચારિત્ર્ય ઉપરાંત તે તેઓને બાઇબલ વાંચતાં અને પ્રભુને ચાહતાં શીખવતો. ચારસો પાંચસો છોકરાઓ એના સંગે સંસ્કારી બન્યા હતા.

શીથ નામના એના મિત્રે જૉનની છબી કેવી રીતે દોરી તેની એક વાત છે. આમ તો એ કોઇ દિવસ પોતાની છબી ચીતરવા ન દેતો. શીથને પણ એણે ના પાડી. તેથી શીથે બાજી રચી. જૉનના વિદ્યાર્થીઓમાંથી કોણ લાંબી પ્રાર્થના કોણ ભુલ વગર ગાઈ શકે છે એ જાણવાને એણે કોઈ પાસે કહેવરાવ્યું. જૉને એક હુશીઆર છોકરાને આગળ કરી ગાવાનું કહ્યું. પ્રાર્થના ગવાઇ તે દરમ્યાન જૉન એકાગ્ર હતો તે વેળા ચિત્રકાર શીથે એની છબી દોરી કાઢી. એ છબી હાલ પોર્ટ્સ્મથના મ્યુઝીઅમમાં લટકાવેલી છે.

જૉનનું મૃત્યુ આમ થયું. ઇ. સ. ૧૮૩૯ના જાન્યુઆરીના પ્રથમ પ્રભાતે જૉન અને તેનો ભત્રીજો શીરામણ કરતા હતા. એવામાં બારણે ખખડાટ થયો અને ઠંડીમાં ઠરી ગએલી એક છોડી લથડીઆં લેતી ઓરડામાં આવી પડી. ઉઘાડા પગનાં ફાટેલાં તળીઆંમાં લોહીના ટશીઆ ફુટચા હતા. સાંઠીકડા જેવા શરીર માથે ફાટાંતુટાં ય પુરાં લુગડાં નહોતાં. શ્વાસની ધમણ જોરથી ફુંકાતી હતી.

જૉને એને હુંફ દેવા છાતીએ ભીડી. તેને જમાડીને દિલાસો દીધો. છોકરી માંદી હોવાથી તેને કેડે તેડીને એ પાસેના વૈદ પાસે લઇ ગયો. વૈદને છોકરીની બધી હકીકત કહેતાં કહેતાં એકાએક એ ભોંયે પડયો અને મૃત્યુ પામ્યો.

અણઘડ જુવાનોનાં હૃદય જીતનાર, ગરીબનો બેલી, વૃદ્ધ જૉન પાઉન્ડ્ઝ પ્રભુના દરબારમાં ચાલ્યો ગયો હતો.

આપણી રમતો

આપણા શુદ્ધ વીરત્વની તાલીમો તો આપણે ગામેગામ ચાલુ હતી. દરોજની ઘોડેસવારીઓ, શસ્ત્રપૂજાઓ ને નિશાનબાજીઓ, એ બધાંને કોણે મારી નાખ્યાં? આપણે જ કોઇ

પરદેશી સરકારે? હુતાશનીમાં છાણાંની લુટ મારામારીઓ, નાળીએરના ઘા ફેંકવાની શરતો ને શેરડીના સાંઠા અવનવી તરેહથી વાઢી નાખવાની પાણીદાર રમતો; એ બધી, જીવનના ધબકારા સમી વીર-રમતોનું સ્થાન આજે આપણા સમાજ-સેવકોએ કોને આપ્યું છે? સવારે ભાષણની સભા! બપોરે જાદુકપટના હાંસીભર્યા તમાશા! સાંજે મેંઢા જેવાં ડાહ્યાં-ડમરાં બાળકોને મીઠાઈની વહેંચણી! અને રાત્રે જાદુઈ ફાનસ! આ આપણા સભ્યતા શીખવનાર કાર્યક્રમો! આ તે સભ્યતા કે તેજોવધ? આનો ઉત્તર પુછો આપણા યુવાનોને! અજવાળી રાતે ફળીઆ બ્હાર પેશાબ કરવા જતાં પણ એ ફાટી પડશે. ઇસ્પીતાલની અંદર નસ્તરનો દેખાવ જોતાં એની આંખે અંધારાં આવશે; કોઇને ફાંસીએ લટકતો જોઇને એ તમ્મર ખાઈ પડશે, અને બાર મહીના સુધી એનાં સ્વપ્નાં આવશે. ઓ ગુજરાત! પંજાબમાં તો ઘેરઘેર બધા મૃત્યુંજયો પાકે, અને તારાં સંતાનો દાક્તરની છરી દેખીને પણ મૂર્ચ્છા ખાય? એનાં કાંઇ કારણો તપાસ્યાં?

આપણી લશ્કરી તાલીમનાં મૂળ તો આથીયે ઉંડાં બાઝેલાં હતાં. માત્ર દશેરાથી જ એ નથી અટકી ગયાં. દીવાળીના તહેવારોના ભડકાઓ ને આતશબાજીઓ, આપણામાંના કેટલાએકનો ખોટો ખ્યાલ બંધાઈ ગયો છે તેમ કેવળ રંગરાગ કે આનંદ ઉત્સવના જ ઉદ્દેશોથી નહોતાં યોજાએલાં. માતાના ગર્ભમાંથી તાજેતર જ ચાલ્યાં આવતાં બાળકો અક્કેક સળગતું મેરાયું લઇને એ ધડાકા ભડાકાની વચ્ચેથી પસાર થાય, એવી વીર-પ્રથાના ગર્ભમાં કોઇ વીર પ્રજા ઉત્પન્ન કરવાનો-જ ઈરાદો રહેલો હતો. પરંતુ આપણે તો આ ત્રણસો ને સાઠ કંગાલ દિવસો માંહેથી એ એકનો એક પ્રતાપી દિવસ પણ આંચકી લીધો છે. પરિણામ એ આવ્યું કે એક તાળીનો અવાજ થતાં જ આપણાં બાળકો ચમકી ઉઠે છે. એ આપણી સંસ્કૃતિનો ઇતિહાસ છે.

ત્યાર પછી? ત્યાર પછી તપાસો આપણા બાલકોની રમતગમતો. એ રમતગમતોની શારીરિક કસરતનો મુદ્દો તો ક્ષુલ્લક છે. એના ઉપર વિવેચન ન હોય. પરંતુ એ રમતોની જન્મકથા તો ઉકેલો! આપણા ભમરડાની રમત વાટે ભાલાં વાપરવાની તાલીમ, દોરીવાળી ચકરડી વાટે કટારની તાલીમ, લખોટા વડે નિશાનબાજી: અને ખારાપાટ વાટે વ્યુહ-રચનાનું શિક્ષણ. માતાપિતાઓ! તમારાં બાળકો આમાંથી કેટલી રમત રમે છે?

સ્વરાજ આવે કે ન આવે, પણ આપણા લશ્કરોમાં કેવળ પઠાણો, ગુરખાઓ ને ભૈયાઓ નહીં પાલવે. એ સૈન્યોમાં તો અડગ બિરદવાળા કુલીન રજપુતો જશે, જનોઈ-ધારી બ્રાહ્મણો જશે, વૈશ્યો પણ જશે, ને ખુદાથી ડરનારા સંસ્કારી મુસ્લીમો પણ જશે. એ સૈન્યનાં અધિપતિપદ ઉપર આપણા કાકભટો, જગદેવ પરમારો અને રેવાપાલો જ બેસશે.

(સૌરાષ્ટ્ર, તા. ૧૨-૪-૧૯૨૪.)

વૉન્ડરવેલ

આજસુધી પૃથ્વીની પ્રદક્ષિણા કરનાર પુરુષો હતા. પણ હમણાં કુમારી ઑલોહા વૉન્ડરવેલ પોતાના ભાઇ સાથે ન્યુયૉર્કથી મુંબઇ આવી હતી. તેઓ ફૉર્ડની ત્રણ મોટરો લઇ પૃથ્વીને પ્રદક્ષિણા ફરવા નીકળ્યાં છે. અત્યારલગીમાં તેમણે ચાર ખંડના ૩૯ દેશોમાં જઇ આવી ૧૫૩,૦૦૦ માઇલની મુસાફરી કરી છે.

આ સાહસનું મુળ શું હશે તે કહેવું મુશ્કેલ છે; કદાચ ફૉર્ડ કંપનીની કીર્તિ વધારવાનું હોય. પણ મિસ વૉન્ડરવેલ તેની ના પાડે છે. એ કહે છે કે મારાં ભાઇભાભી એકવાર સરસ મોટરમાં સહેલ કરતાં હતાં ત્યાં તેમને વાતચીતમાં ચડસાચડસી થઇ. ભાઇ કહે હું હલકી મોટરમાં પણ પૃથ્વીની આસપાસ ફરી આવી શકું. ભાભીએ આ વાત ન માની. હવે કોણ સાચું છે તે જોવા મને સાથે લઇ મારો ભાઇ નીકળ્યો છે. એમની એક મોટર તો ભાંગી ગઈ છે. ચિત્રમાં બતાવી છે તે બીજી છે. કરાંચીથી તેઓ મુંબાઇ આવ્યાં અને મુંબાઈથી કલકત્તા જવા ઉપડી ગયાં છે.



વૉન્ડરવેલ

શરીર કસેલું કામનું

ફ્રીટરૅટેડ મેલે સ્ટેટ્સમાંથી કોઇ એક ચર્ચાપત્રીએ દરીઆપારના હિન્દીઓની સ્થિતિ વિષે રા. બનારસીદાસ ચતુર્વેદીને નીચેની હકીકત જણાવી છે.

'એક ખાનગી દાખલો હું તમને જણાવું છું. એક સાંઝના જાહેર બગીચામાંથી હું મારી મોટર હાંકી જતો હતો એવામાં બે જણને બેસવાની ગાડીમાં એક યુરોપીઅન મારી પાછળ આવ્યો અને પોતાની મોટરનું હૉર્ન--ભુંગળું--વગાડવા માંડ્યું. તેનો અર્થ એ હતો કે તે મને પકડી પાડે તેટલામાં મારે તેને જગ્યા કરી આપવી. મેં જગ્યા તો કરી, પણ સાથે મારી ગાડીની ગતિ વધારી અને મને પકડી પાડવાની તક તેને આપી નહિ. આશરે પાંચ માઇલ સુધી તેણે મારી પાછળ મોટર દોડાવ્યે રાખી. આખરે એક મિત્રના ઘર આગળ હું ઉતર્યો એટલે તે પણ ત્યાં ઉતર્યો, અને મારી પાસે આવી કહેવા લાગ્યો કે 'તારે મને જગ્યા કરી આપી આગળ જવા દેવો જોઇતો હતો.' તેણે મારે માટે અપમાનકારક શબ્દો વાપર્યાં અને કહ્યું કે યુરોપીઅનને આગળ જવા માટે મારે જગ્યા કરી દેવી જોઇતી હતી. મેં તેને મુંગા રહેવાનું કહ્યું, એટલે તેણે મારો ડગલો પકડ્યો. હું પણ તેની સામે થયો અને અમે સામસામા મુક્કા લગાવ્યા. હું મુક્કાબાજી અને કુસ્તી જાણતો હતો તથા જપાની કુસ્તી જ્યુજીત્સુના દાવ મને આવડતા હતા, તેથી હું ફાવ્યો અને મેં તેને જમીન પર ગબડાવી પાડ્યો, અને જ્યાં સુધી તેણે મારી માફી ન માગી ત્યાં સુધી મેં તેને છોડ્યો નહિ. એ એક સિવિલ સર્વન્ટ છે અને રાજ્યના એક ખાતામાં ઉંચો હોદ્દો ધરાવે છે.

(ગુજરાતી, તા. ૧-૬-૨૪.)

પુંઠા ઉપરનો ફોટોગ્રાફ

આ અંકના પુંઠા ઉપર આપેલો ફોટોગ્રાફ ભાઈ જસવંત વૈદ્યનો છે.

ભાઈ જસવંતની ઉમર હાલ માત્ર ૧૮ વર્ષની છે. હમણાં જ એમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી છે. એમનું શરીર ઘણું સુંદરરીતે કસાએલું અને મજબુત છે. અમદાવાદના સારંગપુર સાર્વજનિક વ્યાયામ મન્દિર (અખાડા)ના એ એક આગળ-પડતા વિદ્યાર્થી છે. કુસ્તીમાં અને સાંકળ તોડવામાં એમણે આટલી ઉમરે સારી ખ્યાતિ મેળવી છે.

અભ્યાસની સાથે સાથે શરીરનો પણ વિકાસ કરી તેને આવું સુદૃઢ રાખનાર વિદ્યાર્થી ખરેખર ભાગ્યશાળી ગણાય. છતાં એ કંઈ નવાઇની વાત નથી. હરકોઇ વિદ્યાર્થી ધારે તો પોતે પણ આવું શરીર બનાવી શકે.

અખાડાઓમાં કસરત કરવા જવામાં કંઇ નાનમ કે નામોશી નથી. ભાઈશ્રી અંબાલાલ પુરાણીના પ્રયાસથી ગુજરાતમાં ઠેરઠેર સ્થપાએલા અખાડાઓમાં અનેક કુમારો શરીરબળની તાલીમ લે છે. તેમાંના ઘણાખરા તો શ્રીમંત અને સુખી ઘરના હોય છે. છતાં શરીરનો પૂર્ણ વિકાસ કરવો એ પોતાની ફરજ છે એમ સમજી તેઓ નિયમિત વ્યાયામ કરે છે; અને તેનાં જ ફળ રૂપે તેમનાં શરીર સુબદ્ધ, સશક્ત, અને સુંદર બન્યાં છે.

ગુજરાતના કુમારોના આવા સરસ ફોટોગ્રાફો અમને મળતા જશે તેમ પ્રકટ કરતા જઇશું.



સાંભળ્યું છે કે

સુદાનના રણમાં સફર ખેડનાર એક મુસાફરને વાયર-લેસથી ઘડીઆળનો વખત મળતો !

મહાન વીર નેપોલીઅનનો ભત્રીજો હમણાં જ ગુજરી ગયો.

રોમ શહેરમાં એક હવાઇ વિમાન અચાનક વાવાઝોડાને લીધે આકાશમાં ૬૦૦ ફુટ ઉંચું ઉડી ગયું. તેની નીચે ૧૨ માણસ લટકી રહ્યા. આખરે હાથ થાકી જવાથી એક એક જણ પડીને મરી ગયો.

સાચ્ચે

નેપચ્યુન ગ્રહ પોતાની ધરીની આસપાસ આપણા ૭।। કલાકમાં ફરી રાતદિવસ કરે છે; અને આપણા ૧૬૪ વરસમાં સૂર્યની આસપાસ ફરી એક વરસ બનાવે છે.

યુરોપમાં ઉંચામાં ઉંચી હૉટેલ આલ્પ્સ પર્વતની ૧૨૦૦૦ ફુટની ટેકરી ઉપર છે !

ચોપડીઓની એક બાઇએ જુદીજુદી જાતનાં પગરખાંઓની ૬૦૦ જોડી એકઠી કરી છે।

પૃથ્વીનાં પડ વચ્ચેના ૨૫ ફુટના ઉંડાણમાંથી એક માણસનું હાડપિંજર મળી આવ્યું છે.

એક ધનવાને જાહેર કર્યું છે કે છ અઠવાડીઆ સુધી વેસ્ટમિન્સ્ટર દવાખાનામાં જે કોઇ અરધો ક્રાઉન દાન મોકલશે તેને પોતાના તરફથી એક ક્રાઉન પાછો આપવામાં આવશે. દાન કરવા-કરાવવાની વિચિત્ર રીત !

લિવરપુલના વિદ્યાર્થીઓ બગીચા વાવવા-ઉછેરવાની વિદ્યા ભણે તે માટે ખાસ રાત્રિશાળા ચલાવવામાં આવે છે. દિવસે તેઓને બગીચાઓમાં પ્રત્યક્ષ જ્ઞાન આપવામાં આવે છે, ને રાત્રે પુસ્તકનું.

હાવાઇ ટાપુઓનાં વાવેતર ખેતર ઉપર ત્રણ ફુટ પહોળા કાગળ પાથરીને કરવામાં આવે છે. યંત્રથી કાગળો પથરાય તે વેળા તેઓ ઉડી ન જાય માટે બન્ને છેડે થોડી માટી ઢંકાતી જાય છે. એ કાગળમાં કાણાં પડીને તેમાં બીજ વવાય છે અને છોડ પણ તેમની વચ્ચે થઇને ઉગે છે. કાગળ નીચે ભેજ, ગરમી અને હવાનું પ્રમાણ બરાબર રહેવાથી લગભગ દોઢ-ગણો પાક ઉતરે છે.

બે રેલ્વે લાઇનો વચ્ચે મોટું સરોવર આવેલું હોય તો અત્યાર સુધી ઉતારૂઓ વહાણમાં બેસીને ગાડી બદલતા. હવે તેમને માટે સારી સવડ થઇ છે. આખી રેલ્વે ગાડીને કપ્પી (ક્રેન) વડે પાટા ઉપરથી ઉપાડીને એક આગબોટમાં મુકવામાં આવે છે; આગબોટ સરોવર પાર કરી સામે કાંઠે જાય એટલે પાછી રેલ્વેને તેમાંથી ઉપાડી પાટે ચડાવી દેવાય છે !

માન્ચેસ્ટર શહેર હાલમાં ૮૦ ફુટ લાંબું અને ૧૬૫ ટન ભારે એવું એક એન્જીન બનાવે છે.

મિ. જૉન ગન ઑસ્ટ્રેલીઆના પ્રધાન થવાની વાત ચાલે છે. ૧૬ વરસ પહેલાં તે એક ટ્રામ હાંકનાર હતો.

ટ્રિનિડાડ અને વેનેઝુઇલાની વચ્ચે તેલના બળતા ભડકા જેવો અગ્નિ દરીઆમાં દેખાયો હતો. કહે છે કે ધરતીકંપને લીધે સમુદ્રના તળીઆમાંથી ગૅસ અને તેલ નીકળે છે. તેઓ સમુદ્રની સપાટી ઉપરના ખારા પાણી સાથે અથડાવાથી સળગી ઉઠે છે.

કેનીઆમાં કેટલાક કુતરાઓએ સિંહને નસાડી મુક્યો !

ઉત્તરધ્રુવના પ્રદેશમાં હવે મધરાતે સુરજ ઉગવો શરૂ થયો છે.

હિમાલયના ગૌરીશંકર શિખર ઉપર ચઢનાર ટોળી અમુક પ્રકારનાં પૈડાંવાળી મોટરમાં ઉંચા ચઢાવ ચડવાની છે.

કાચ અને ચીનીખાનાનું ટકાઉપણું નક્કી કરવા માટે એક કંપનીએ ૬૦૦૦ કાચનાં અને ૨૦૦૦ ચીની વાસણ ભાંગી જોયાં !

ઇંગ્લંડ જેટલા ઘઉં વાપરે છે તેમાંથી પાંચમો ભાગ જ પોતાનો ઉગાડેલો હોય છે; બાકીના ચાર ભાગના ઘઉં તે અમેરિકા, હિન્દુસ્તાન વગેરે દેશોમાંથી આયાત કરે છે.

લંડનમાં એક બીલાડી આયા બનીને મરઘીનાં બચ્ચાંઓ પાળે છે !

એક માણસે પોતાની મોટર-સાઇકલને હવામાં ૯૧ ફુટની ઉંચાઇએ ૮૪ ફુટ લંબાણ સુધી ઉડાડી હતી.

દુનીઆની દોલતનો ½ ભાગ અત્યારે અમેરિકામાં છે. યુરોપના ઘણા દેશો અમેરિકાના કરજદાર છે.

મે માસનો બીજો રવિવાર અમેરિકામાં માતૃપર્વ તરીકે ઉજવાય છે.

ઉંદરે દીવાસળી કરડવાથી એક ચાલતી માલગાડી સળગી ઉઠી હતી.

સરકાર કાંઇ પરસેવો ઉતારીને નાણાં ઉત્પન્ન કરતી નથી કે કમાતી નથી; પણ નાણાંને એકઠાં કરી ખરચી શકે છે.

બેડોળ મકાન બાંધનાર અને બાંધવા દેનાર બન્ને જણ સમાજના ગુન્હેગાર છે; કારણકે તેઓ જીંદગીને અને જગતને બેડોળ બનાવે છે.

ન્યુયૉર્કની એક હૉટેલ દર વરસે ૧૦૫,૦૦૦ રૂપીઆનું ભાંગેલું ચીનીખાનું કાઢી નાખે છે !

પોલાન્ડનો એક છોકરો તેર વરસ પહેલાં એક પણ પાઇ વગર અમેરિકામાં આવેલો. હાલ તે આયોવા વિદ્યાપીઠમાં અધ્યાપક છે.

પૃથ્વીનો પરીઘ ૨૪,૯૦૩ માઈલનો છે.

એક સ્ત્રી શાળામાં માટીનાં વાસણકુસણ બનાવવાનો હુન્નર શીખીને હાલ વરસ દહાડે ૩૦૦૦ પાઉન્ડ કમાય છે.

લંડનમાં પૃથ્વીનો એક નકશો ૨૦૦ ફુટ લાંબો છે.

એક દાક્તરનો અભિપ્રાય છે કે જે કોઈ દરરોજની વીસ બીડીઓ પીએ છે તેનું પાંચ ટકા લોહી બળી જાય છે.

કેનેડામાં ૧,૦૬,૦૦૦ રેડ ઇન્ડીઅનો રહે છે.

વાંકા વળીને ચાલવાના કરતાં સીધા ટટાર ચાલવાને લીધે વધુ સારા વિચારો આવે છે !

લંડનમાં કુલ વીસ હજાર ધોરી રસ્તાઓ છે.

સવારે દોહેલા દુધ કરતાં સાંજે દોહેલું ગાયનું દુધ વધુ ગુણકારી મનાય છે.

સુરજમુખી ફુલના છોડનો ઢોરને ચારો થાય છે. રશીઆ-માં આ છોડ જથ્થાબંધ ઉગે છે.

દક્ષિણ આફ્રિકાની કેટલીક જાતો માણસમાં ત્રણ આત્મા છે એમ માને છે: એક માથામાં, બીજો પેટમાં ને ત્રીજો અંગુઠામાં.